CMYK CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૮    મંગળવાર, તા.૧૬-૦૪-૨૦૨૪    અંક : ૨૧૮ વર્ષ : ૨૧    e-mail : sauaajtak@gmail.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# માંડવીયાએ ઉમેદવારી નોંધાવી, રૂપાલા આજે ફોર્મ ભરશે

## ૧૮મીએ સી.આર.પાટીલ અને ૧૯મીએ અમિત શાહ ભરશે ફોર્મ : મોદીની જાહેરસભા અને રોડ શોના આયોજનની પણ તૈયારી શરૂ



ભાવનગર, તા.૧૫

ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ આજથી ઉમેદવારી ફોર્મ ભરવાનું શરૂ કર્યું છે. આ સાથે વિવિધ બેઠકો પર રાજકીય માહોલ જામવા લાગ્યો છે. ૧૫મીએ કેન્દ્રીય મંત્રી અને રાજ્યસભાના પૂર્વ સાંસદ મનસુખભાઈ માંડવીયાએ પોરબંદર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર તરીકે પોતાની ઉમેદવારી નોંધાવી હતી.આ પૂર્વે તેમણે મહાદેવના દર્શન કરી રોડ શો યોજ્યો હતો.

આ ઉપરાંત ભાજપ અને કોંગ્રેસના અન્ય ઉમેદવારોએ પણ પોતાની ઉમેદવારી નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ બેઠક પર ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા આવતીકાલ-મંગળવારે પોતાની ઉમેદવારી નોંધાવશે. ઉમેદવારી નોંધાવતા પહેલા રેલી પણ યોજાશે.

આ ઉપરાંત મંગળવાર ૧૬ એપ્રિલે ભાજપના લોકસભાના કચ્છઃ વિનોદ ચાવડા, બનાસકાંઠાઃ ડો. રેખા ચૌધરી, પાટણઃ ભરતસિંહ ડાભી, મહેસાણા : હરિભાઈ પટેલ, સાબરકાંઠાઃ શોભના બારૈયા, અમદાવાદ પશ્ચિમઃ દિનેશ મકવાણા,જૂનાગઢ : રાજેશ ચૂડાસમા, ભાવનગરઃ નીમુબેન બંભાણીયા, સહિતના ફોર્મ ભરશે.

૧૮મી એપ્રિલ ભાજપના લોકસભાના ઉમેદવારો નવસારીઃ સી.આર. પાટીલ સહિતના ફોર્મ ભરશે તો ૧૯ તારીખે ગાંધીનગરમાં કેન્દ્રીયગૃહ મંત્રી અમિત શાહ જામનગરઃ પૂનમ માડમ ફોર્મ ભરશે. ફોર્મ ભરાવાની શરૂઆત થતાં જ ગુજરાતમાં ચૂંટણીનો માહોલ જામશે.



# સુપ્રીમે કેજરીવાલને ઝડપી રાહત આપવાનો કર્યો ઈનકાર

## ઈડીને નોટિસ ફટકારી, હવે ૨૯ એપ્રિલે થશે સુનાવણી

નવીદિલ્હી,તા.૧૫

સુપ્રીમ કોર્ટે દિલ્હી લિકર પોલિસી કૌભાંડ કેસમાં જેલમાં બંધ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલને ઝડપી રાહત આપવાનો ઈનકાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે આ મામલે ઈડીને નોટિસ પાઠવીને ૨૪ એપ્રિલ સુધીમાં જવાબ આપવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટ હવે કેજરીવાલ કેસની સુનાવણી ૨૯ એપ્રિલે કરશે. સુપ્રીમ કોર્ટમાં અરવિંદ કેજરીવાલ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ દાવો કર્યો હતો કે કેજરીવાલને લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરતા રોકવા માટે ધરપકડ કરવામાં આવી છે. તેમણે કેસની આગામી સુનાવણી ઝડપથી હાથ ધરવાની માંગ કરી હતી. તેના પર કોર્ટે કહ્યું કે ૨૯ એપ્રિલ પહેલા સુનાવણી ન થઈ શકે.

કેજરીવાલના વકીલે ૧૯ એપ્રિલે જ સુનાવણી માટે કેસની સૂચિ બનાવવાની માંગ કરી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે તેની વહેલી સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો અને ૨૯ એપ્રિલે સુનાવણી માટે કેસની સૂચિબદ્ધ કરી હતી. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેંચ કેજરીવાલની અરજી પર સુનાવણી કરશે.

### કે. કવિતાને ૨૩ એપ્રીલ સુધી સીબીઆઈની ન્યાયીક કસ્ટડી

દિલ્હી શરાબ કૌભાંડમાં કે. કવિતાની મુશ્કેલીઓ વધી રહી હોય તેવું લાગી રહ્યું છે. રાજધાની દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે સોમવારે કથિત દિલ્હી આબકારી નીતિ કૌભાંડના સંબંધમાં ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરાયેલ ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) નેતા કે. કવિતાને ૨૩ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા છે. મહેરબાની કરીને નોંધ કરો કે સીબીઆઈએ તેલંગાણાના ભૂતપૂર્વ સીએમ કે ચંદ્રશેખર રાવની પુત્રીની તિહાર જેલમાંથી ધરપકડ કરી હતી. અગાઉ, કવિતાની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા ધરપકડ કરવામાં આવી હતી, ત્યારબાદ તેણીને તિહારમાં રાખવામાં આવી હતી.

# સ્વદેશી મેન પોર્ટેબલ એન્ટિ-ટેન્ક ગાઈડેડ મિસાઈલ સિસ્ટમનું કરાયું સફળ પરીક્ષણ

નવીદિલ્હી,તા.૧૫

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) દ્વારા સ્વદેશી રીતે ડિઝાઈન કરવામાં આવેલી અને વિકસાવવામાં આવેલી મેન પોર્ટેબલ એન્ટિ-ટેક્ર ગાઈડેડ મિસાઈલ (એમપીએટીજીએમ) વેપન સિસ્ટમનું વિવિધ ફલાઈટ કન્ફિગરેશનમાં ઘણી વખત ફિલ્ડ મૂલ્યાંકન કરવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ ટેકનોલોજીને ઉચ્ચ શ્રેષ્ઠતા સાથે સાબિત કરવાનો છે.

આ સિસ્ટમમાં એમપીએટીજીએમ, લોન્ચર, ટાર્ગેટ એક્વિઝિશન સિસ્ટમ અને ફાયર કન્ટ્રોલ યુનિટનો સમાવેશ થાય છે.

જનરલ સ્ટાફ ક્વૉલિટીકલ રિક્વાયરમેન્ટ્સ (ઈન્ફન્ટ્રી, ઈન્ડિયન આર્મી)માં નિર્ધારિત સંપૂર્ણ ઓપરેશનલ કવરનું પાલન કરવા માટે પર્યાપ્ત સંખ્યામાં મિસાઈલ ફાયરિંગ પરીક્ષણો સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યા છે. ૧૩ એપ્રિલ, ૨૦૨૪ના રોજ રાજસ્થાનના પોખરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં વોરહેડ ફલાઈટ ટ્રાયલ્સ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી. મિસાઈલની કામગીરી અને વોરહેડની કામગીરી નોંધપાત્ર હોવાનું જણાયું હતું.

# અફઘાનિસ્તાનમાં પૂરમાં ૩૩ લોકોના થયા મોત

## ભાર વરસાદે તબાહી મચાવતા સર્જાઈ તારાજી

નવીદિલ્હી,

અફઘાનિસ્તાનમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. ભારે વરસાદના કારણે આવેલા પૂરમાં લોકોનો મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. વરસાદ બાદ આવેલા પૂરમાં ઓછામાં ઓછા ૩૩ લોકોના મોત થયા છે અને ૨૭ લોકો ઘાયલ થયા છે. તાલિબાનના પ્રવક્તા અબ્દુલ્લા જનાન સૈકે કહ્યું કે રાજધાની કાબુલ અને અનેક પ્રાંતોમાં અચાનક પૂર આવ્યું, જેના કારણે ભારે નુકસાન થયું. અબ્દુલ્લા જનાને જણાવ્યું હતું કે પૂરને કારણે ૬૦૦ થી વધુ મકાનો નાશ પામ્યા છે અથવા નુકસાન થયું છે. વરસાદના કારણે ૨૦૦ જેટલા પશુઓના મોત થયા છે. SAC એ જણાવ્યું હતું કે પૂરને કારણે ૮૦૦ હેક્ટર ખેતીની જમીન પણ નાશ પામી છે અને ૮૫ કિલોમીટરથી વધુ રસ્તાઓને નુકસાન થયું છે. તેમણે કહ્યું કે પૂરના કારણે પશ્ચિમ ફરાહ, હેરાત, દક્ષિણી ઝાબુલ અને કંદહાર પ્રાંતમાં સૌથી વધુ નુકસાન થયું છે.

# ટીબી સામે લડવા બાળકો માટે બનાવાયેલી દવાને મળી મંજૂરી

## બાળકો માટે યોગ્ય દવાઓના મર્યાદિત વિકલ્પોને કારણે ટીબીની સારવાર કરવી પડકારજનક

નવીદિલ્હી,

ટ્યુબરક્યુલોસિસ એટલે કે ટીબી સામે લડવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિમાં, બાળકો માટે બનાવાયેલી મોઢેથી ગળવાની દવાને મંજૂરી આપવામાં આવી છે, જે બાળકોની આરોગ્ય સંભાળમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે.

ટ્યુબરક્યુલોસિસ એ ગંભીર વૈશ્વિક આરોગ્ય વિષયક ચિંતા છે. પરંપરાગત રીતે બાળકો માટે યોગ્ય દવાઓના મર્યાદિત વિકલ્પોને કારણે બાળકોના ટીબીની સારવાર કરવી પડકારજનક રહી છે, જેના કારણે અસરકારક રીતે દવાઓ પહોંચાડવી મુશ્કેલ બને છે. બાળકોમાં થતા ટીબીની સારવારમાં મુખ્ય અવરોધ એ બાળકો માટે યોગ્ય દવાઓના ફોર્મ્યુલેશનનો અભાવ છે. પરંપરાગત ટીબી દવાઓ ઘણીવાર ગોળીના સ્વરૂપમાં આવે છે, જે બાળકો માટે ગળી જવા માટે પડકારરૂપ હોઈ શકે છે, જે પાલન અને અસરકારકતા સાથે સમસ્યાઓ તરફ દોરી જાય છે.

ટીબીના બાળરોગના દર્દીઓની ચોક્કસ જરૂરિયાતોને ઓળખીને, ફાર્માસ્યુટિકલ કંપનીઓ ટીબીની દવાઓને બાળકોને અનુરૂપ ફોર્મ્યુલેશન વિકસાવવા માટે ખંતપૂર્વક કામ કરી રહી છે. ખાસ કરીને બાળકો માટે બનાવાયેલી મોઢેથી ગળવાની દવાઓની તાજેતરની મંજૂરી એ બાળકોની ટીબીની સારવારમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ મંજૂરી યુવા ટીબી દર્દીઓની અપૂર્ણ જરૂરિયાતોને પુરી કરવાના હેતુથી વ્યાપક સંશોધન અને વિકાસ દર્શાવે છે.

# કેનેડામાં ૨૪ વર્ષીય ભારતીય વિદ્યાર્થીની ગોળી મારી હત્યા

## ચિરાગ અંતિલ તેની કારમાં મૃત અવસ્થામાં મળી આવ્યો

વેનકુવર,

૨૦૨૨માં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે કેનેડા ગયેલા ૨૪ વર્ષીય ભારતીય યુવાનની વેંકૂવરમાં તેની કારમાં જ ગોળી મારી હત્યા કરવામાં આવી છે તેમ સ્થાનિક પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે. વેંકૂવર પોલીસ વિભાગને રાતે ૧૧ વાગ્યે આ ઘટનાની જાણ કરવામાં આવી હતી. સ્થાનિક લોકોને ગોળીઓનો અવાજ સંભળાતા તેમણે પોલીસને જાણ કરી હતી.પોલીસના જણાવ્યા અનુસાર ચિરાગ અંતિલ તેની કારમાં મૃત અવસ્થામાં મળી આવ્યો હતો. અત્યાર સુધી કોઈની પણ ધરપકડ કરવામાં આવી નથી અને તપાસ હજુ પણ ચાલુ છે. ચિરાગના ભાઈ રોનિતે જણાવ્યું હતું કે સવારે જ્યારે મારી ચિરાગ સાથે વાત થઈ તો તે ખૂબ જ ખુશ લાગી રહ્યો હતો. ત્યારબાદ બહાર જવા માટે તેણે ઓડી કાર બહાર કાઢી તો તેની ગોળી મારી હત્યા કરી દેવામાં આવી હતી.

# યુધ્ધની ભિતી વચ્ચે સેન્સેક્સમાં કડાકો

## રોકાણકારોના ૫ લાખ કરોડ ડૂબ્યા, સેન્સેક્સમાં ૮૦૦ થી વધુ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ,તા.૧૫

ભારતીય શેરબજાર સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે સોમવારે મોટા ઘટાડા સાથે બંધ થયું હતું. બોમ્બે સ્ટોક એક્સચેન્જ ઈન્ડેક્સ સેન્સેક્સ આજે ૧.૧૪ ટકા નીચો આવી ૮૪૫.૧૨ પોઈન્ટ ઘટીને ૭૩,૩૯૯.૭૮ પર બંધ રહ્યો હતો. બજાર બંધ સમયે, સેન્સેક્સ પેકના ૩૦ શેરોમાંથી ૨૭ શેર લાલ નિશાન પર અને ૩ શેર લીલા નિશાન પર હતા. બીજી તરફ, નેશનલ સ્ટોક એક્સચેન્જનો સૂચકાંક નિફ્ટી સોમવારે ૧.૧૦ ટકા નીચો રહી ૨૪૬.૯૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૨,૨૭૨.૫૦ પર બંધ થયો હતો. બજાર બંધ સમયે નિફ્ટી પેકના ૫૦ શેરોમાંથી



૬ શેર લીલા નિશાન પર અને ૪૪ શેર લાલ નિશાન પર હતા.

નિફ્ટી પેક શેર્સમાં આજે સૌથી મોટો ઘટાડો શ્રીરામ ફાઈનાન્સમાં ૩.૧૨ ટકા, વિપ્રોમાં ૨.૬૦ ટકા,આઈસીઆઈસીઆઈ બેંકમાં ૨.૪૩ ટકા, બજાજ ફાઈનાન્સમાં ૨.૨૮ ટકા અને બજાજ ફિનસર્વમાં ૨.૨૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. તે જ સમયે, નિફ્ટી પેકમાં સૌથી વધુ વધારો ઓએનજીસીમાં ૫.૮૦ ટકા, હિન્દાલ્કોમાં ૨.૪૦ ટકા, મારુતિમાં ૧.૧૭ ટકા, નેસ્લે ઈન્ડિયામાં ૦.૮૩ ટકા અને બ્રિટાનિયામાં ૦.૩૮ ટકાનો વધારો નોંધાયો હતો.

ક્ષેત્રીય સૂચકાંકોની વાત કરીએ તો આજે એક નિફ્ટી તેલ અને ગેસ ( ૦.૪૧%) સિવાય બાકીના બધા લાલ નિશાનમાં બંધ થયા છે.

# કોંગ્રેસે વિશ્વની સામે ભારતને એક નબળા દેશ તરીકે રજૂ કર્યો : મોદી

તિરુવનંતપુરમ,તા.૧૫

પીએમ મોદી આજે લોકસભા ચૂંટણીના પ્રચાર માટે કેરળ પહોંચ્યા હતાં. પીએમ મોદીએ કેરળના થ્રિસુરમાં અલાથુર વિસ્તારમાં જનસભાને સંબોધી હતી. જેમાં વડાપ્રધાને કહ્યું કે નવું વર્ષ કેરળમાં નવી રાજનીતિની શરૂઆત છે. થ્રિસુર બાદ પીએમ મોદી તિરુવનંતપુરમમાં જનસભાને પણ સંબોધિત કરશે. અલાથુરમાં જનસભાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે લોકોની ખુશી અને ઉર્જા દર્શાવે છે કે નવું વર્ષ નવી શરૂઆત લઈને આવ્યું છે. આ નવું વર્ષ કેરળ માટે વિકાસનું છે. કેરળમાં નવા રાજકારણની શરૂઆતનું આ વર્ષ છે. આજે કેરળ કહી રહ્યું છે કે 'એકવાર ફરી મોદી સરકાર.'

કોંગ્રેસ પર પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે, 'કોંગ્રેસે વિશ્વની સામે ભારતને એક નબળા દેશ તરીકે રજૂ કર્યો, પરંતુ અમે ભારતને મજબૂત બનાવ્યું છે. ભારતના ઉજ્જવળ ભવિષ્ય માટે આગામી ચૂંટણીઓ યોજાઈ રહી છે. એલડીએફ અને યુડીએફ કેરળમાં સ્થિતિને વધુ ખરાબ કરી રહ્યા છે. આ પક્ષોએ કેન્દ્ર સરકાર પાસેથી મળેલા ભંડોળનો દુરુપયોગ કરીને કેરળના વિકાસમાં અવરોધ ઊભો કર્યો. આજે કેરળમાં રાજકીય હત્યાઓ ઝડપથી વધી રહી છે. કોલેજ કેમ્પસ અસામાજિક તત્વોના અડ્ડા બની ગયા છે, જેઓ સામાજિક સમરસતાને ખલેલ પહોંચાડી રહ્યા છે અને આ લોકોને સરકારનું રક્ષણ પણ છે.



# રામનવમી પર રામલલ્લા ૨૦ કલાક દર્શન આપશે

## ૧૫ લાખ શ્રધ્ધાળુઓ અયોધ્યા-રામમંદિર પહોંચે તેવો અંદાજ

અયોધ્યા

અયોધ્યામાં રામ નવમી (૧૭ એપ્રિલ)ના દિવસે રામલલ્લાનો દરબાર ૨૦ કલાક ભક્તો માટે ખુલ્લો રહેશે. મંગળા આરતી બાદ બ્રહ્મ મુહૂર્તમાં બપોરે ૩:૩૦ કલાકે રામલલ્લાના દર્શન શરૂ થશે. ભક્તોને રાત્રે ૧૧ વાગ્યા સુધી મંદિરમાં પ્રવેશ આપવામાં આવશે.

રામલલ્લાનો અભિષેક અને શણગાર પણ દર્શન દરમિયાન ચાલુ રહેશે. આ દિવસે ભારત અને વિદેશમાંથી લગભગ ૧૫ લાખ શ્રદ્ધાળુઓ અયોધ્યા પહોંચે તેવી શક્યતા છે.

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે સોમવારે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે રામલલ્લાની શૃંગાર આરતી સવારે ૫ વાગ્યે થશે. દર્શન અને તમામ પૂજા પહેલાની જેમ ચાલુ રહેશે. ભગવાનને અન્નકૂટ અર્પણ કરવા માટે સમયાંતરે પડદો થોડો સમય માટે ખેંચવામાં આવશે.

### રામનવમી પર ૫ મિનિટ સુધી રામલલ્લાનું સૂર્યતિલક કરવામાં આવશે

રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રા સોમવારે બપોરે અયોધ્યા પહોંચ્યા હતા. નૃપેન્દ્ર મિશ્રાએ કહ્યું- રામનવમી પર બપોરે ૧૨:૧૬ વાગ્યે લગભગ ૫ મિનિટ સુધી સૂર્યના કિરણો રામલલ્લાના કપાળ પર પડશે. ટેકનિકલ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ટ્રસ્ટ સાથે મળીને કામ કરી રહ્યું છે. તેને સફળ બનાવવા માટે વૈજ્ઞાનિકો પણ મહેનત કરી રહ્યા છે. મંદિરનું સમગ્ર કામ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. અયોધ્યા આવતા શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તેનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. ભક્તો માટે સુવિધા કેન્દ્રનું કામ પણ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

CMYK CMYK

સૌરાષ્ટ્ર આજતક

# સાવરકુંડલા કબીર ટેકરી આશ્રમ દ્વારા રામનવમી નીમિતે ભવ્ય લાઈવ ઝાંખી યોજાશે

સાવરકુંડલા:

સાવરકુંડલા શહેરના દેવળા ગેઈટ ખાતે કબીર ટેકરી સેવક સમુદાય અને કબીર આશ્રમના મહંત પૂજ્ય નારાયણદાસ સાહેબ દ્વારા શહેરની મધ્યમાં મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના અવતરણ દિવસ નિમિત્તે અયોધ્યા ખાતે નવનિર્માણ પામેલ ભવ્ય રામ મંદિર અને ભગવાન શ્રીરામ, જાનકીજી, લક્ષ્મણ અને હનુમાનજી મહારાજની આબેહૂબ લાઈવ ઝાંખી પ્રદર્શન કરવામાં આવશે.

રામનવમીનો પવિત્ર તહેવાર નજીક આવી રહ્યો છે અને સાવરકુંડલા શહેરમાં ઠેર ઠેર રામજન્મોત્સવની ઉજવણીની ભારે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે ત્યારે



કબીર ટેકરી આશ્રમના પૂજ્ય મહંત નારણદાસ સાહેબના આશીર્વાદથી શ્રીકૃષ્ણ જન્મ મહોત્સવ સમિતિ દ્વારા આ વર્ષે રામનવમી પૂર્વ સંધ્યાએ સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમવાર રામલલ્લાની ભવ્ય લાઈવ ઝાંખીનું તારીખ ૧૬-૪ ને મંગળવારે રાત્રે સાવરકુંડલાના દેવળા ગેઈટ ખાતે કરવામાં આવશે આ ઝાંખીમાં રામલીલાના દ્રશ્યોનું સુંદર નિરૂપણ કરવામાં આવશે તેમજ ૩૦ ફૂટ બાય ૧૬ ફૂટનું ભવ્ય રામમંદિર અને મહાઆરતી કરવામાં આવશે તો જેના દર્શન કરવા સમગ્ર અમરેલી જીલ્લા ઉપરાંત સૌરાષ્ટ્રભરમાંથી ધર્મપ્રેમી ભાઈઓ બહેનો આ ભવ્ય ઝાંખીમાં ભાગ લેવા માટે શ્રીકૃષ્ણ જન્મ મહોત્સવ સમિતિ અને કબીર ટેકરી દ્વારા અપીલ કરવામાં આવી છે.એમ અમિતગીરી ગોસ્વામીની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# રાજેશ ચુડાસમાનો ચૂંટણી કાર્યક્રમ આલીદર ગામે યોજાયો



ઉના: ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના આલીદર ગામે આજે દસ વાગે પાંચ જિલ્લા પંચાયતના વિસ્તારમાં આલીદર જિલ્લા પંચાયત ૧૦મા આજે રાજપુત સમાજ ના હોલ મા લોકસભાના ઉમેદવાર રાજેશભાઈ સુડાસમા ના પ્રચાર અર્થે આજે આલીદર ગામે જિલ્લા પંચાયત હેઠળ આવતા તમામ જન મેદની ને સંબોધી તમામ મતદાતાઓને જોષ અને જુસ્સો આપી ત્રીજા ટ્રમ માટે રાજેશભાઈ સુડાસમા ને જંગી બહુમતીથી ચુંટી કાઢવા જંજાવાતિ પ્રવચન કરી આ તકે જુનાગઢ જિલ્લાના પૂર્વ સંસદ સભ્ય શ્રી દિનુભાઈ સોલંકી તથા કોડીનારના ભાજપના ધારાસભ્ય પ્રદ્યુમનભાઈ વાજા તથા કોડીનાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રી શીવાભાઈ સોલંકી તથા જિલ્લા પ્રમુખ શ્રી પિઠીયા તથા જિલ્લા તાલુકા પંચાયત સદસ્યો તેમજ આલીદર ગામના તમામ આગેવાનો અને જન મેદની ને સંબોધિ લોકસભાના ઉમેદવાર રાજેશભાઈ સુડાસમા ને એ જંગી બહુમતીથી ચુંટી કાઢવા આલીદર ગામે ચૂંટણી પ્રચારનો શ્રી ગણેશ કરેલ

# નવાબંદર મરીન પોલીસ તથા સ્ટેટ આઇ.બી. દ્વારા ફિશરમેન વોચ ગૃપની મીટીંગનુ આયોજન કરવામાં આવ્યું

ઉના:

નવાબંદર મરીન પોલીસ તથા સ્ટેટ આઈ.બી. દ્વારા ફીશરમેન વોચ ગૃપના સભ્યો સાથે સીમર ગામે નક્કી બંદર ખાતે મીટીંગ રાખવામાં આવેલ હતી.

સદર મીટીંગમાં નવાબંદર મરીન પોલીસ તથા સ્ટેટ આઈ.બી. દ્વારા ફિશરમેન વોચ ગૃપના સભ્યોને ગૃપ બનાવવાના ઉદેશ્યની સમજ કરી, વિશ્વાસમાં લઇ દરિયાકાંઠા વિસ્તારોમાં સંભવી શકે એવી આતંકી પ્રવૃત્તિ, માદક પદાર્થો / શસ્ત્રોની હેરાફેરી, અજાણ્યા ઈસમોની શંકાસ્પદ હિલચાલ બાબતે તેમજ શંકાશીલ જણાતી કોઈપણ પ્રવૃતિ બાબતે માહિતી મેળવવા માટે યુક્તિ પ્રયુક્તિથી વાતચીત કરી તે અંગે માહિતી મેળવવાનો પ્રયાસ કરેલ



તેમજ ઉપસ્થિત સભ્યોને કોઈપણ શંકાસ્પદ હિલચાલ બાબતે તાત્કાલિક પોલીસને તેમજ આઈ.બી.ના અધિકારીઓને જાણ કરવા સમજ કરવામાં આવેલ.

આ મીટીંમાં શ્રી પી.જે.બાંટવા "SI નવાબંદર મરીન પોલીસ સ્ટેશન, શ્રી એમ.એલ. સોલંકી AS" નવાબંદર મરીન પોલીસ સ્ટેશન, શ્રી એમ.આર.સોલંકી LIB HC નવાબંદર મરીન પોલીસ સ્ટેશન, શ્રી એચ.બી.ચાવડા HC SOG ગીર સોમનાથ, અમો વી.બી.લીંબાસીયા (AIO ઉના કોસ્ટલ સેન્ટર), શ્રી એન.બી.બાંભણયા (AIO ઉના કોસ્ટલ સેન્ટર), SRD સભ્યો, વોચ ગૃપના સભ્યો સહિત ૧૫ લોકો હાજર રહેલ હતા.

# દેલવાડાથી જૂનાગઢ જતી ટ્રેન અને ખાનગી ટ્રાવેલ્સ વચ્ચે અકસ્માત

## ગામ વચ્ચે ખુલ્લા ફાટકમાં અકસ્માત,કોઈ જાનહાની નહિ, બસ ડ્રાઈવરને ઈજા

ઉના :ગીરગઢડાના પિછવી અને હડમડીયા ગામ વચ્ચે ખુલ્લા રેલ્વે ફાટક પર દેલવાડા-જૂનાગઢ રૂટની લોકલ ટ્રેન સાથે ખાનગી ટ્રાવેલ્સ હડફેટે બસ પલ્ટી ખાઈ હતી. આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે ખાનગી બસમાં કોઈ મુસાફરો ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. જેમાં ડ્રાઈવરને સામાન્ય ઈજા પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવેલ. ટ્રેનમા બેઠેલા મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.

ગીરગઢડાના પીછવી અને હરમડિયા ગામ વચ્ચેથી આવેલ ખુલ્લા ફાટક વચ્ચે દેલવાડા-જૂનાગઢ રૂટની લોકલ ટ્રેન તેમજ ખાનગી ટ્રાવેલ્સ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. કામધેનુ નામની





ખાનગી ટ્રાવેલ્સ હરમડિયા થી સુરત જવા નીકળેલી હતી. ત્યારે દેલવાડા થી આવતી ટ્રેન પોતાના સમયે પસાર થઇ રહી હતી. એ દરમિયાનખાનગી બસ નં.જી જે ૨૬ ટી ૬૨૩૨ પીછવી અને હરમડિયા ગામ વચ્ચેથી આ બસ ખુલ્લા ફાટક પરથી પસાર થઈ હતી. ત્યારે ટ્રેનના હડફેટે ખાનગી ટ્રાવેલ્સ બસ આવતા ધડાકાભેર અકસ્માત સર્જાતા બસ દૂર સુધી ઢસડાઈ પલ્ટી ખાઇ ગઈ હતી. આ અકસ્માત સર્જાતા બસમાં કુલ ત્રણ વ્યકિતઓ હોવાનું જાણવા મળેલ જેમાં એક બસ ડ્રાઈવરને સામાન્ય ઈજા પહોંચતા સારવાર અર્થે ગીરગઢડા સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવેલ છે. જ્યારે બસમાં ત્રણ વ્યકિતઓ અને ટ્રેનમાં બેઠેલા મુસાફરોનો પણ આબાદ બચાવ થયો હતો. અને સદનસીબે મોટી દુઘર્ટના ટળી હતી. આ અકસ્માતમાં ટ્રેનના આગળના ભાગને નુક્સાન થયેલ જ્યારે બસનો આગળના ભાગનો મોરો કાચ તૂટી પડ્યો હતો.

ટ્રેન અને બસ વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાતા ટ્રેનમાં બેઠેલા મુસાફરોમાં ગભરાટ ફેલાઇ ગયો હતો. અને આજુબાજુના તેમજ રસ્તા પરથી પસાર થતા લોકોનાં ટોળેટોળાં ઉમટી પડયા હતા. જોકે હડમડીયા થી પીછવી જવાનો મુખ્ય રસ્તો હોય રેલ્વે ફાટક પર જ ટ્રેન અને બસ વચ્ચે ગંભીર અકસ્માત સર્જાતા રસ્તા પરથી પસાર થતા વાહન ચાલકોનો ટ્રાફિક જામ થઈ ગયો હતો. અને બસ ટ્રેન સાથે અથડાતા રેલ્વે વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયેલ હતો. અને બસને દૂર ખસેડવામાં આવેલ. આ અકસ્માતને પગને ટ્રેનમા મુસાફરો કલાકો સુધી અટવાયા હતા.

# મતદાન જાગૃતિના અનેકવિધ કાર્યક્રમો થકી લોકોને મતદાન કરવા પ્રેરિત કરાશે

ગીર સોમનાથ: જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાની અધ્યક્ષતામાં પ્રાંત કચેરી, વેરાવળ ખાતે જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોમાં મતદાન માટે જાગૃતિ આવે તે માટે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મિટિંગ યોજાઈ હતી.

આ મિટિંગમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ મતદાન જાગૃતિ માટે જિલ્લામાં SVEEP અને TIP (ટર્નઆઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન)ના માધ્યમથી વિવિધ કાર્યક્રમોના આયોજન થકી વધુમાં વધુ લોકો લોકશાહીના આ મહાપર્વમાં સહભાગી બને એ રીતે સુનિયોજીત આયોજન માટે




ઉપસ્થિત સર્વ અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપ્યું હતું.

મિટિંગમાં અધિક નિવાસી કલેક્ટર શ્રી રાજેશ આલ TIP અંતર્ગત વેરાવળ, કોડિનાર, તાલાલા, ઉના વગેરે સ્થળોએ યોજાનાર 'મતદાન મથકને જાણો', સેલ્ફી કેમ્પેઈન, ફ્લેશ મૉબ, કેમ્પસ એમ્બેસેડર દ્વારા સોશ્યલ મીડિયા મીટ સહિત ૧૫ દિવસ દરમિયાન યોજાના TIP (ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન)ના સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

નોંધનીય છેકે, જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા 'ચૂંટણી પર્વ- દેશ કા ગર્વ' માં ઉત્સાહપૂર્વક લોકો સહભાગી બને તે માટે તા.૨૨ એપ્રિલથી TIP અંતર્ગત ૧૫ દિવસ દરમિયાન સોશિયલ મીડિયા ઈન્ફ્લૂએન્સરના માધ્યમ થકી, મહિલા ગૃહ ઉદ્યોગ, આંગણવાડી, આશાવર્કર બહેનો, વિવિધ ફેક્ટરીઓના કામદારો, શ્રમજીવીઓ, માછીમારો, સીદી સમૂદાય સહિત શહેરની વિવિધ સોસાયટીઓના ચેરમેન, દુકાનદારો, વેપારીઓ સાથેની મતદાન જાગૃતિની મિટિંગોના આયોજન વડે તેમજ મહેંદી, રંગોળી, નાટક, પોસ્ટર્સના માધ્યમથી વધુમાં વધુ લોકો લોકશાહીના મહાપર્વમાં મતદાન કરી પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરે એવી અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

આ મિટિંગમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પલ્લવી બારૈયા, વેરાવળ પ્રાંત અધિકારીશ્રી વિનોદ જોશી સહિત શીર્ષ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# ઉનામાં ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતીની ઉજવણી કરાઈ



કૈલૈશ ભટ્ટ ઉના:ભારત રત્ન વિશ્વવિભૂતિ સમાજ ઉધ્ધારક ભારતીય સંવિધાન રચયિતા મહામાનવ ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૩ મી જન્મ જયંતી ઉત્સવ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના અનુક્રમે અનુ.જાતિ મોરચાના સંયુક્ત ઉપક્રમે ઉનાના લોકપ્રિય ધારાસભ્ય કે સી રાઠોડના માર્ગદર્શન હેઠળ ઉના શહેર અને ગીરગઢડા તાલુકાના ધારાસભ્યના ભાજપ કાર્યાલય ખાતેથી ઢોલ શરણાઈ સાથે વાજતે-ગાજતે ત્રિકોણબાગ સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અને ત્રિકોણ બાગ ખાતે ધારાસભ્ય કે સી રાઠોડએ ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર પહેરાવીને જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઉના તાલુકા પંચાયતના પ્રમુખ એભાભાઈ મકવાણા, તા.ભા. પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, ગીરગઢડા તા. પ્રમુખ કાળુભાઈ રૂપાલા, ગીરગઢડા તા. પંચાયત પ્રમુખ ભગવતીબેન સાંખટ, ઉના નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, જીલ્લા ભાજપ અનુ.જાતી મોરચાના પ્રમુખ પ્રવીણભાઈ સાંખટ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પૂનમચંદભાઈ ઝાલા, જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોંધરા, જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન પ્રતિનિધિ પ્રકાશભાઈ ટાંક, તાલુકા ભાજપ અનુ.જાતી મોરચાના પ્રમુખ અરજણભાઈ ચૌહાણ, શહેર ભાજપ અનુ.જાતી મોરચાના પ્રમુખ નાથાભાઈ ચૌહાણ, નગર પાલિકાના સદસ્ય વિજયભાઈ રાઠોડ, ગીરીશભાઈ પરમાર, તાલુકા ભાજપ અનુ.જાતી મોરચાના ઉપપ્રમુખ બોઘાભાઈ ચૌહાણ, મહિલા મોરચાના પ્રમુખ તેજલબેન ગોસ્વામી, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત, નગરપાલિકાના સદસ્યઓ સંગઠનના હોદ્દેદારો સહીત ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી મોમાઈ ધામ પુંજા આપા આશ્રમ ખાતે ભાગવત કથાનું આયોજન



સાવરકુંડલા:સાવરકુંડલા તાલુકાના મેવાસા ગામે શ્રી મોમાઈ ધામ પુંજા આપા આશ્રમ ખાતે શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં સમસ્ત ઢગલ પરિવાર તેમજ મેવાસા ગામના ગ્રામજનો દ્વારા સંયુક્ત ઉપક્રમે આ કથાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં આજે કૃષ્ણ મહોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવેલ અને રબારી સમાજના પ્રમુખ મેહુલભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા આપવામાં આવેલા પ્રસંગિક પ્રવચનમાં. સમાજની દીકરી દીકરાઓને અભ્યાસ કરાવવા તેમના માત પિતાને અપીલ કરવામાં આવી હતી. તેમજ આ પ્રસંગે ખાસ ઉપસ્થિતિ વડવાળા દુધરેજની જગ્યાના મહંત શ્રી ૧૦૦૮ કણીરામ બાપુ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમનું ખૂબ જ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં ભાવભર્યું સામૈયું કરવામાં આવેલ.. તેમજ આવેલ સંતો મહંતોનું પણ સન્માન કરવામાં આવેલ. કણીરામ બાપુ દ્વારા પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ કે સમાજની એકતા અખંડિતતા ટકી રહે તે માટે એક થવા હાકલ કરી અને સમાજના તમામને તમામ વ્યસનથી દૂર રહેવા જણાવેલ અને સમાજના દીકરા દીકરીઓને ઉચ્ચ અભ્યાસ કરાવવા કણીરામ બાપુએ જણાવેલ અને દુધરેજધામ અને વડવાળા દેવનો મહિમા જણાવેલ અને મેવાસા ગામ અને આશ્રમ સાથેનો નાતો અને સહકાર આપવા અપીલ કરવામાં આ પ્રસંગે મેવાસા ગામના કાઠી ક્ષત્રિય સમાજ પણ હાજર રહ્યા હતા એમ અનિરુદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું

# સાવરકુંડલાની પ્રાથમિક કન્યા શાળા નંબર ૨માં ત્રિવિધ કાર્યક્રમો યોજાયા



સાવરકુંડલા:સાવરકુંડલા શહેરમાં મણીભાઈ ચોક પાસે આવેલ શ્રી બ્રાંચ શાળા નંબર ૨ કન્યા શાળામાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયા ,જેમાં ધોરણ ત્રણ થી પાંચની નાની દીકરીઓની ચોથી એપ્રીલ ૨૦૨૪ થી વાર્ષિક પરીક્ષા શરૂ થઈ તેમને ગોળથી મોટું મીઠું કરાવી ચાંદલો કરી અને પેન્સિલ આચાર્યાશ્રી ભારતીબેન રાઠોડ અને એસએમસીએ આપી. ધોરણ છ થી આઠની મોટી દીકરીઓની તારીખ ૧૩ એપ્રિલથી પરીક્ષા શરૂ થઈ તેમને પણ ગોળથી મોટું મીઠું કરી ,ચાંદલો કરી અને પેન દરેક દીકરીઓને આચાર્યાશ્રી ભારતીબેને આપી, દર વર્ષેના જેમ આ વર્ષે પણ ધોરણ ૮ ની દીકરીઓ જે આ શાળામાંથી વિદાય લે છે,તેમના હાથના પંજાની છાપ ધોરણ આઠની વિદાય લેતી દિકરીઓના "મારી લાડકી રે પ્રોજેક્ટ "અંતર્ગત પ્રોજેક્ટ ફાઈલ તૈયાર કરવાંમા આવે છે,દરેક ધોરણ આઠની દીકરીઓ જે છે તેમને શાળાંત પ્રમાણપત્ર આચાર્યાશ્રી અને એસએમસી દ્વારા આપવામાં આવ્યું હતું,અને એ દીકરીઓના તમામ ડોક્યુમેન્ટસ રાખી અને તેની હાથના પંજાની છાપ યાદી સ્વરૂપે શાળાએ એક પ્રોજેક્ટ અંતર્ગત ફાઈલિંગ કરેલ એલીમેન્ટરી એકઝામ ચિત્ર સ્પર્ધાની અંદર જે દીકરીઓના એ ગ્રેડ અને બી ગ્રેડ આવ્યા છે, તેમને પણ પ્રમાણપત્ર સી.આર.સી. આચાર્યાશ્રી દ્વારા આપવામાં આવેલ. તેમ આચાર્યાશ્રી ભારતીબેનની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# નાથ સમાજના સમાધિ સ્થાન ફરતે તાર ફેન્સીગ,કમ્પાઉન્ડ દીવાલ બનાવવા માંગ

સાવરકુંડલા:સાવરકુંડલાના વિજયાનગર રોડ પર મોમાઈ માતાજીના મંદિર પાસે નાથજી સાધુ સમાજનું સમાધિ સ્થાન આવેલ છે જે સમાધિ સ્થાન હાલ સાવ ખુલ્લુ હોવાથી તેમની ફરતે તાર ફેન્સિંગ અથવા કમ્પાઉન્ડ દીવાલ બનવવાની સમસ્ત નાથજી સમાજના લોકો દ્વારા સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા તેમજ નગરપાલિકાના ચીફ ઓફિસર પાસે માંગ કરવામાં આવી હતી. સાવરકુંડલા નાથજી જ્ઞાતિ સમાંજ જ્ઞાતિનું સ્મશાન સાવરકુંડલા ગામમાં મોમાઈ માતાજીના મંદિર પાસે



વિજયાનગર રોડ ઉપર આવેલ છે. આ સમશાનમાં હાલ કોઈ ફેન્સીંગ કે પાળ બાંધેલ નથી હાલ તદન ખુલુ છે જેથી આ સ્મશાનમાં ગાય, ભુંડ, કુતરા વિગેરે આવીને સ્મશાનામાં આપવામાં આવેલ સમાધીઓને નુકશાન પહોચાડી રહ્યા છે એમ અમિતગીરી ગોસ્વામીની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું

# શિવ મહાપુરાણ કથાનું મોટા દડવાના ધીંગેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં સમાપન: નવ દિવસની કથા દરમિયાન ભક્તો શિવમાં થયા લિન

ગોંડલ: શિવ હી જીવ, જીવ હી શિવ, શિવ મહાપુરાણ કથાનું ગોંડલ, મોટા દડવાના ધીંગેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, પ.પૂ સંત શ્રી આનંદદાસજી બાપુની પ્રેરણા થી આ શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું, આ ભવ્ય શિવ મહાપુરાણ કથાના વક્તા પૂજ્ય શ્રી ગિરિબાપૂના મુખે ભક્તોએ શિવ મહિમા કથા સાંભળી હતી,શિવ કથા મહાપુરાણનું આયોજન ધીંગેશ્વર મહાદેવ મંદિર (આનંદ આશ્રમ) સમસ્ત મોટાદડવા ગામના લોકો દ્વારા કરવામાં આવ્યું હતું, જે કથા દરમિયાન રાજકોટ લોકસભા ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીયમંત્રી પરષોત્તમભાઈ રૂપાલા, કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજા સહીત મહાનુભાવો કથા દરમિયાન દર્શનનો લાભ લીધો હતો, આ કાર્યક્રમમાં નવે નવ દિવસ છાસ, દૂધ અને ઘોરવાના દાતા ગોપાલભાઈ ભીખાભાઈ ડાંગર અને જયદીપભાઈ લાભભાઈ ડાંગરની સેવા દ્વારા કરવામાં આવ્યું હતું, આ શિવ મહાપુરાણ કથા તારીખ :૦૭/૦૪/૨૦૨૪એ શરુ થઇ હતી અને ૧૫/૦૪/૨૦૨૪ આજે તેનું સમાપન થયું હતું, આ કથાને પૂજ્ય મોરારી બાપુ અને ગુજરાત રાજયના મહા મહિમા રાજયપાલ દેવવ્રતજીએ શુભેચ્છા સંદેશ પણ આપ્યો હતો, કથા દરમિયાન રોજ રાત્રે સંતવાણી અને લોક ડાયરોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જયારે બપોરે ભક્તોને મહા પ્રસાદ અને રાત્રી દરમિયાન મહા પ્રસાદનું પણ આયોજન કથા દરમિયાન કરવામાં આવ્યું હતું, નવ દિવસની કથા દરમિયાન લાખો શિવભક્તો શિવ ભક્તમાં લિન થયા હતા જયારે સેવા કાર્યોની વાત આવે તો અનેક દાતાશ્રીઓ આર્થિક સેવા આપી પોતે શિવની ભક્તિમાં લિન થયા હતા,



આ શિવ કથા દરમિયાન સમસ્ત ગામ લોકોએ પણ ખભે ખભ્ભો મિલાવી સેવા કાર્યમાં જોડાયા હતા, કથા દરમિયાન સમસ્ત ગામ હર હર ભોલેના નાદ સાથે શિવ મય બની ગયું હતું.

# જાત્રા કરી પરત ફરતા યાત્રાળુઓનું સ્વાગત



ઉના,

હરમડિયા ગામેથી ૩૦ સભ્યોની ટીમ જાત્રા કરવા ૧૩ દિવસના પ્રવાસે ગયેલ હતા જેમાં અયોધ્યા રામ મંદિર હરદ્વાર કાશી વિશ્વનાથ વારાણસી વગેરે ધાર્મિક સ્થળો ના દર્શન કરી પુણ્યનું ભાથુ બાંધી આજરોજ હરમડિયા ગામે બપોરના ૧૨:૦૦ વાગે જુનાગઢ દેલવાડા ટ્રેનમાં ઉતરતા હરમડિયા ગામના લોકો તેમજ બાળાઓએ સ્વાગત કરી હરમડિયા ગામે ચોકમાં આવેલ માં અંબા માના મંદિરે ગામ લોકોએ તેમજ બાળકો તેમજ નવદુર્ગા મંડળ ના સભ્યો તથા હરમડિયા ના સામાજિક યુવા કાર્યકર શ્રી ડોબરીયા ઘનશ્યામભાઈ એ સ્વાગત કરી અબીલ ગલાલ થી તેમજ ફુલ થી વધાવી સ્વાગત કરી ગામ લોકોમાં ઉમંગ અને ઉત્સાહ જોવા મળેલ

# રાજકોટ શહેરના રાજમાર્ગો પર જાહેરમાં થૂંકતા ૭ લોકો દંડાયા



## રૈયા સીવેજ પ્લાન્ટ પાસે કચરો નાખનાર બે લોકોને ૨ હજારનો દંડ: : ૧૧.૭૫ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટિક જપ્ત

રાજકોટ,

રાજકોટ મહાપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને પર્યાવરણ વિભાગ દ્વારા ઝુંબેશ હાથ ધરી વધુ ૧૫૨ વેપારી પાસેથી પ્રતિબંધીત પ્લાસ્ટિક જપ્ત કરી રૂા. ૪૧ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો તેમજ જાહેરમાં કચરો ફેંકતા સફાઈકામદાર સહિત ત્રણ અને જાહેરમાં પાન-ફાકીખાઈને થુકતા સાત આસામીઓને પકડી પાડી વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ૨૦૨૧ અન્વયે આજે ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા. ૧૩/૦૪/૨૦૨૪ થી ૧૪/૦૪/૨૦૨૪ ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૧૫૨ આસામીઓ પાસેથી ૧૧.૭૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૪૧૬૫૦ /-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૯ આસામીઓ પાસેથી ૫.૯૭૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૨૮૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૮ આસામીઓ પાસેથી ૪.૪૩૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૭૬૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૫ આસામીઓ પાસેથી ૧.૩૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૧૨૫૦ /-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# રાજકોટના અમિન માર્ગ પર પાણીની લાઈનમાં ભંગાણ : પાણીની રેલમછેલ



રાજકોટ,

ગુજરાતભરમાં ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યામરે રાજયમાં સૌથી ગરમ શહેરોમાં રાજકોટનો સમાવેશ થાય છે. તેવામાં શહેરના ક્રિમ વિસ્તાાર એવા અમીન માર્ગ ખાતે હજારો લીટર પાણીનો વેડફાટ થવાની ઘટના સામે આવી છે. અમીન માર્ગ પર પાણી વિતરણની લાઈનમાં ભંગાણ સર્જાતા રસ્તાન પર ચોમાસુ જામ્યુઘ હોય તેવો માહોલ સર્જાયો હતો, પાણીની રેલમછેલ થઈ હતી.

મહાનગરપાલિકા દ્વારા પાણીની લાઈનનું યુધ્ધુના ધોરણે રિપેરીંગ કરી પાણી વિતરણ પૂર્વતત કરવામાં આવ્યુ હતુ.

# જૂનાગઢમાં ઉપરકોટથી વાહન ચોરી કરનાર પકડાયો



જુનાગઢ

જુનાગઢ નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલ્યાના માર્ગદર્શન હેઠળ આશીફખાન અનવરખાન બેલીમ રહે.ચાખવા તા.માંગરોળ વાળા પોતાના પરિવાર સાથે ઉપરકોટ કિલ્લાની મુલાકાત અર્થે આવેલ હોય અને પોતાનું મોટરસાયકલ ઉપરકોટ દરવાજા સામેના ભાગે રોડની સાઈડમાં પાર્કીંગ કરેલ હોય દરમ્યાન કોઈ અજાણ્યો ઈસમ સદર મોટરસાઈકલ ચોરી કરી લઈ ગયેલો હોય વિ.મતલબે હકીકત મેળવી ચોરી કરેલ મોટરસાયકલ સાથે હાસમશા ઈબ્રાહીમશા બાનવા ફકીર રહે. જગમાલ ચોક, સુની બોરવાળ, મદ્રશા વાળી ગલી જુનાગઢને પકડી પાડેલ છે. આ કામગીરી એ ડીવી.પો.સ્ટે.ના પો.ઈન્સ .વી.જે. સાવજ તથા ગુન્હા નિવારણ શાખાના પો.સ.ઈ. ઓ.આઈ. સીદી, એ.એસ.આઈ. સરતાજ સાંઘ, પો.હેડકોન્સસ.કિરણ રાઠોડ, પો.કોન્સ.રામભાઈ ચાવડા, સાજીદખાન બેલીમ, જુવાન લાખત્રોણા, વિક્રમ છેલાણા, નરેન્દ્ર બાલસ, ભરત ઓડેદરા, નિલેષ રાતીયા, નેત્રમ શાખાના પો.સ.ઈ. પી.એચ. મશરૂ, પો.કોન્સ .અંજનાબેન ચૌહાણ, હરસુખભાઈ સિસોદીયા તથા સુખદેવસિંહ કામળીયા નાઓએ સાથે રહી કરેલ છે

# જુનાગઢ દારૂના ગુન્હામાં એક વર્ષથી ફરાર રાજકોટનો શખ્સ ઝડપાયો

જુનાગઢ,

જુનાગઢ સી ડીવી. પો. સ્ટે . પ્રોહી એકટ કલમ ૬૫ (એએ) મુજબના કામે નાસતો ફરતો આરોપી રોહિત જાદવ રહે. જુનાગઢ વાળો હાલ જુનાગઢ મધુરમ બાયપાસ બસ સ્ટેશન પાસે ઉભેલ હોવાની હકિકત આધારે તપાસ કરતા આરોપી મળી આવતા પકડી પાડી હરગત કરી સી ડીવી. પો. સ્ટે. ઉપરોકત ગુના કામે અટક કરવા સારૂ સોંપવામાં આવેલ. અટક કરેલ આરોપી



રોહીત રામશીભાઈ જાદવ, અનુજાતી ઉ.૨૫ રહે. રાજકોટ નાના મૌવા મેઈન રોડ, મેઘમાયાનગર શેરી નં. ૪ મુળ મંડોર ગામ તા. વેરાવળ ગીર સોમનાથને એક વર્ષથી ફરાર હતો.

ક્રાઈમ બ્રાન્ચ જુનાગઢના પો. ઈ. જે. જે. પટેલ તથા પો. સ.ઈ. ડી. કે. ઝાલા તથા પો. હેડ કો. ઈન્દ્રજીતસિંહ ઝાલા, આઝાદસિંહ સિસોદીયા તથા પેરોલ ફર્લો સ્કોડડના પો. કો. દિપકભાઈ બડવા, દિવ્યે શ ડાભી વિ. પો. સ્ટોફએ સાથે રહી કામગીરી કરવામાં આવેલ.

# રાજકોટ મનપાના સફાઈ કામદાર માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો



રાજકોટ,

રાજકોટ મનપાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના જુદા જુદા? વોર્ડમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા સફાઈ કામદારનાં હેલ્થન ચેકઅપ તથા?પીએમજેવાય ?કાર્ડ?કાઢવા? અંગેના દરેક વોર્ડ કક્ષાએ કેમ્પપનું આયોજન તા.૧૫-૦૪-૨૦૨૪ના રોજ કરવામાં આવેલ. વોર્ડ ૨બ, ૩બ, ૭બ, ૧૩બ, ૧૪બ, ૧૭બ, ૮બ, ૯બ, ૧૧બ, ૧૨બ, ૪બ, ૫બ, ૬બ, ૧૫બ, ૧૬બ, ૧૮બ?ના વોર્ડને આવરી લેવાયા. જેમાં? વોર્ડનાં? એસ.એસ.આઈ, એસ.આઈ, મેડીકલ ઓફીસર અને આરોગ્યનો સ્ટાફ હાજર રહી હેલ્થ ચેકઅપ અને પીએમજેવાય કાર્ડ કામગીરી કરવામાં આવી હતી.

# લોકસભા ચૂંટણી અંતર્ગત વિધાનસભા-૬૮ના મધ્યસ્થ કાર્યાલયનું દબદબાભેર ઉદઘાટન



## દેશની જનતા ચૂંટણી પ્રક્રિયાથી આગળ છે :'કમળ' તરફી મતવર્ષા કરી દેશવાસીઓ નરેન્દ્ર મોદીને ત્રીજી ટર્મમાં પ્રધાનમંત્રી બનાવવા મકકમ છે : પરશોતભાઈ રૂપાલા

## સૌ કાર્યકર્તાઓના અથાક પરિશ્રમ થકી પરશોતભાઈ રૂપાલાને ઐતિહાસિક લીડથી વિજયી બનાવીને રાજકોટથી 'કમળ' ખીલવીને દિલ્હી મોકલીએ, એ જ આજના દિવસોનો સંકલ્પ : મુકેશભાઈ દોશી

## કમળ ભારતીય વિધારધારાનું પ્રતિક છે, ભાજપએ રાષ્ટ્રહિતની નવી વિચારધારા આપીને દેશને એક નવી દિશા આપી છેઃ રૂપાલાજીને ૫ લાખથી વધુ જંગી લીડથી વિજયી બનાવવા પાર્ટીનો પ્રત્યેક કાર્યકર્તા કૃતનિશ્ચયી બને : ઉદયભાઈ કાનગડ

રાજકોટ

ભાજપ દ્વારા શહેરની ચારેય વિધાનસભા મત વિસ્તારમાં સઘન ચૂંટણીલક્ષી કામગીરી અને સંગઠનને વધુ સુદૃઢ કરી પ્રચાર-પ્રસાર કાર્ય અને લોકસંપર્કને વધુ વેગવંતો બનાવવા વિધાનસભા વાઈઝ કાર્યાલય કાર્યરત કરવામાં આવનાર હોય તે અંતર્ગત વિધાનસભા-૬૮ના મધ્યસ્થ કાર્યાલયનું ઉદઘાટન ધારાસભ્ય ઉદયભાઈ જનસેવા કાર્યાલય, પેડક રોડ ખાતે તેમજ વિશાળ જાહેર સભાનું આયોજન શહેરના કુવાડવાર રોડ ખાતે ડાયમંડ પાર્ટી પ્લોટ ખાતે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના અધ્યક્ષસ્થાને અને કર્ણાટકના પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા, રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહ ઝાલા, ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખ ભંડેરી, પૂર્વ ધારાસભ્ય ટપુભાઈ લીંબાશીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા, કરણાભાઈ માલધારી, સ્ટેન્ડીગ ચેરમેન જયમીન ઠાકર, તેમજ જીતુભાઈ મકવાણા, ઘનશ્યામભાઈ હેરમા સહીતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ.આ તકે ઉપસ્થિત મહેમાનો તેમજ કાર્યર્કતા ભાઈઓ-બહેનોનું શબ્દોથી સ્વાગત કરતાં શહેર ભાજપ અધ્યક્ષ મુકેશભાઈ દોશીએ જણાવેલ કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત કરવા આગામી તા. ૭ મે ના રોજ મોટા પ્રમાણમાં મતદાન કરાવીને આપણા ઉમેદવાર પરશોતભાઈ રૂપાલાને રાજકોટને છાજે તેવી ઐતિહાસિક લીડથી વિજયી બનાવીને દિલ્હી મોકલાવીએ એ જ આજના દિવસનો સંકલ્પ લઈએ.

આ તકે ઉદયભાઈ કાનગડએ વિધાનસભા- ૬૮ની ભૌગોલિક, સાંસ્કૃતિક અને સામાજિક પિરસ્થિતિનો પિરચય આપતા જણાવેલ કે યુ.કે.( ઉપલો કાંઠો)) વિસ્તારની તાસીર અલગ છે. અહીંના લોકો લાગણીસભર અને પ્રેમાળ છે. અહીં પશ્ચિમી સંસ્કૃતિનો રંગ લાગ્યો નથી.શહેરના વોર્ડ-૪,૫ અને વોર્ડ-૧૬ના કોંગ્રેસના આગેવાનો તથા કાર્યર્કતાઓએ ભાજપમાં જોડાઈને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કેસરીયો ખેસ ધારણ ર્ક્યો હતો અને ઉપસ્થિત મહાનુભાવોએ તમામ કાર્યર્કતાઓને ભારતીય જનતા પાર્ટીમા આવકાર્યા હતા. આ તકે પરશોતભાઈ રૂપાલાએ જણાવેલ કે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડએ ઉપલા કાંઠાનો સરસ પિરચય આપ્યો છે. અહીં ચાંદીનો જવેલેરીનો ઉદ્યોગ ખુબ વિકસ્યો છે, આસપાસના ૫૦ ક મિ.ના લોકોને રોજગારી આપવાનું કામ આ ઉદ્યોગ કરે છે. સૌરાષ્ટ્રનું એક પણ ગામ એવું નહી હોય કે અહીં ધંધા-રોજગાર અર્થે વસ્યા ન હોય. ત્યારે ઉદયભાઈ કાનગડએ પોતાના મત વિસ્તારમાં કેન્દ્ર અને રાજયની ભાજપ સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાનો લાભ પહોંચાડવા તેમજ પ્રજાજનોના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે જન સેવા કાર્યાલય ધબકતું કરીને લોકો સાથે જીવંત સંપર્ક-સવાંદ કેળવીને સરકાર અને પ્રજાજનો વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવી છે.વધુમાં તેઓએ જણાવેલ કે વર્તમાન સમયમાં દેશની જનતા ચૂંટણી પ્રક્રિયાથી આગળ છે અને સમગ્ર દેશમાં પોતાના મતરૂપી મ્હોર થકી કમળ ખીલવી નરેન્દ્રભાઈ મોદીને કેન્દ્રમાં ત્રીજી ટર્મમાં વડાપ્રધાન બનાવવા મકકમ નિર્ણય કરી લીધેલ છે. ત્યારે આજના દિવસે પ્રત્યેક કાર્યર્કતા ભાઈઓ-બહેનો તેમના સામાજિક-પારિવારિક વર્તુળમાં કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને લાભ વર્ણવે અને તા. ૭ મે ના રોજ વધુમાં વધુ મતદાન થાય તે માટે ભગિરથ પ્રયાસો કરવાનો સંકલ્પ લે.આ કાર્યક્રમનું સંચાલન શહેર ભાજપના પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ અને અંતમાં આભારદર્શન શહેર ભાજપ મહામંત્રી અશ્વીનભાઈ મોલીયાએ કરેલ. આ તકે વિધાનસભા-૬૮માં સમાવિષ્ટ શહેરના હોદેદારો રમેશભાઈ પરમાર, પરીમલ પરડવા, પુજાબેન પટેલ, ભગવતીબેન ઘરોડીયા, નયનાબેન સોલંકી, બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટમાં માનસીક બિમારીથી પીડાતા યુવાનનો ટ્રેન નીચે ઝંપલાવી આપઘાત

રાજકોટ,

રાજકોટના કોઠારીયા ચોકડી પાસે રહેતા સુરેશભાઈ અરજણભાઈ ખાટરીયા (ઉ.વ.૪૧)એ માનસિક બીમારીથી કંટાળી ગોંડલ તાલુકાના રીબડા ગામ પાસે ટ્રેન નીચે ઝંપલાવી મોત મીઠું કરી લેતા તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી

ઘટનાની જાણ ગોંડલ તાલુકા પોલીસ મથકના હેડ કોન્ટેટ્ બલ જીતુભાઈ વાળા રમેશભાઈ વાગડીયા ને થતા દોડી ગયા હતા ત્યાંણ યુવાનનું બાઈક પડ્યું હતું અને તેને ડેકી ખોલતા તેમાં કંકોત્રી મળી હતી તેના આધારે યુવાનના પરિવારજનોનો ગણતરીની કલાકમાં જ સંપર્ક થયો હતો મૃતક સુરેશભાઈ ખાટરીયા ગોંડલ જવાનું કઈ ઘરેથી નીકળ્યા હતા બાદમાં તેમનો સંપર્ક ન થતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા અને તેમની શોધ શરૂ કરી હતી દરમિયાન પોલીસ નો સામેથી ફોન આવતા જાણ થતા પરિવારજનો શોક મગ્ન બન્યાા હતા યુવાન માનસિક બીમારીથી પીડાતા હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું ગોંડલ શિવમ સાર્વજનિક ટ્રસ્ટબની એમ્યુોવા લન્સો મારફત યુવાનના મળતદેહને પીએમ માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યોત હતો

# રાજકોટ કોઠારીયા રોડ ન્યુ રાધેશ્યામ સોસાયટીની બાળા ગૂમ: અપહરણનો ગુનો

રાજકોટ,

રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર બ્રહ્માણી હોલ પાછળ ન્યુી રાધેશ્યામમ સોસાયટી-૧૨માં રામનગર પાછળ રહેતાં પરિવારની ૧૨ વર્ષની દિકરી તા.૧૩/૪ના બપોરે ત્રણેક વાગ્યેય ઘરેથી નીકળ્યાપ બાદ ગૂમ થઈ જતાં શોધખોળ બાદ પરિવારજનોએ આજીડેમ પોલીસને જાણ કરતાં સગીરા ગૂમ થવાના કિસ્સા માંપીઆઈ એ. બી. જાડેજાની રાહબરીમાં પીએસઆઈ એ. આર. રાઠોડે તુરત જ આઈપીસી ૩૬૩ મુજબ અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આ મામલે બાળાના પિતાની ફીરયાદ પરથી ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# રાજકોટના રેલનગર શ્રીનાથજી પાર્કમાં મહિલાનો એસિડ પી આપઘાત

રાજકોટ,

રાજકોટના જંગલેશ્વર સહજાનંદ સોસાયટી મેઈન રોડ શેરી નં. ૭માં રહેતાં મનિષાબેન વિપુલભાઈ કુગશીયીા (ઉ.વ.૩૨)એ રેલનગર શ્રીનાથજી પાર્ક-૩માં પોતાના માતાના ઘરે હતાં ત્યારે એસિડ પી જતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મોત નિપજ્યું હતું. તેણીના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક પુત્રી છે. પ્રાથમિક તપાસ પ્ર.નગરના એએસઆઈ એ. આર. વરૂએ કરી હતી. આગળની તપાસ પીએસઆઈ પી. કે. પઢીયારે હાથ ધરી છે.

# રાજકોટના સંત કબીર રોડ પર ઈમીટેશનના કારખાનામાં કરનારા બે શખ્સો પકડાયા

રાજકોટ,

રાજકોટના સંતકબીર રોડ નાલા પાસે આંબાવાડી મેઈન રોડ પર ગોકુલ નામના ઈમીટેશનના કારખાનામાં ચાર દિવસ પહેલા થયેલી રૂા.૧.૯૦ લાખની માલમતાની ચોરી થઈ હતી.

આ બનાવ અંગે થોરાળા પોલીસ મથકમાં કારખાનાના માલીક દીનેશભાઈ છગનભાઈ ગઢીયાએ થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ બનાવમાં પી.એસ.આઈ. એમ.એસ. મહેશ્વ રી તથા સ્ટારફે બાતમીના આધારે બે શખ્સોને પકડી લઈ રૂા.૧.૯૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

# રાજકોટ જંકશન રેલ્વે સ્ટેંશન સામે જાહેરમાં જૂગાર રમતાં ચાર પકડાયા

રાજકોટ,

રાજકોટ જંકશન રેલ્વે? સ્ટેંશન રોડ પર શક્તિગ ટી સ્ટોરલ પાછળ જાહેરમાં જૂગાર રમવા બેઠેલા ચાર શખ્સોટ મનોજ રતીલાલ ગણાત્રા (રહે. બજરંગવાડી-૩), ઈકબાલ નજીરભાઈ મીરાશી (રરહે. ગાયકવાડી-૩), વિજય ઉર્ફ કાનો મનસુખભાઈ ગમારા (રહે. દિવેલીયાપરા પાછળ ગ્રીનલેન્ડજ ચોકડી પાસે) તથા અસગરખાન હારૂનખાન પઠાણ (રહે. સદર બજાર મસ્જીદ પાસે)ને વરલી ફીચરના આંકડા પર જૂગાર રમતાં પકડી લઈ રૂા. ૭૬૫૦ની રોકડ અને બોલપેન, ચીઠ્ઠી, નોટબૂક કબ્જે લીધા હતાં. પીઆઈ એમ. આર. ગોંડલીયાની રાહબરીમાં એએસઆઈ રણજીતસિંહ પઢારીયા, વિજયભાઈ મેતા સહિતે આ દરોડો પાડયો હતો.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## ભારત એટલે રાષ્ટ્ર ગૌરવ

આપણે ભારતીય છીએ એનું આપણને ગૌરવ હોવું જોઈએ. પ્રાચીન કાળથી જ આપણો દેશ ભારત તરીકે ઓળખાતો. પરંતુ જ્યારથી અંગ્રેજો આવ્યા. ત્યારથી આપણો દેશ ભારતમાંથી ઇન્ડિયા બની ગયો ભારત પણ જેટલા આક્રમણો થયા એમાંના મોટા ભાગ ના લોકોએ આપણી વિરાસત ને નષ્ટ કરવા ના જ કામ કર્યા છે. મુસ્લિમ આક્રમણ કારોએ હિન્દુત્વનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો આજથી તારીખે આપણા દેશમાં રહેતા આપણા જ દેશનું અન્ન ખાતા અનેક લોકો એવા છે જે આપની સંસ્કૃતિને આપણી આગવી પહેચાનને નષ્ટ કરવા એડી ચોટીનું જોર લગાવી રહ્યા છ તેઓ ધર્મ વિરોધી છે સંસ્કૃતિના વિરોધી છે વંદે માતરમ ગાવામાં તેને તકલીફ છે. ભગવાન રામ ક્યારે થયા હતા તેના અસ્તિત્વ અંગે તેઓ સબૂત માંગે છે તેઓ ભારતને ઇન્ડિયામાં માને છે ઇતિહાસ પણ તેને વિકૃત કરી નાખ્યો છે ભારતના ઇતિહાસના મધ્યયુગને તેવો અંધકાર યુગ કહે છે પરંતુ સાચા અર્થમાં જુઓ તો તે નવજાગરણનો યુગ હતો. પાઠ્યપુસ્તકમાં પણ આ રીતના ઉલ્લેખો આજની તારીખે ચાલુ રહ્યા હતા પરંતુ હવે તેમાં સુધારો કરવામાં આવી રહ્યો છે

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગની સમિતિએ તમામ ધોરણોનાં પાઠ્યપુસ્તકોમાં 'ઇન્ડિયા'ને બદલે 'ભારત' લખવાની ભલામણ કરી છે. સમિતિના અધ્યક્ષ સી. આઈ. આઈઝેકના જણાવ્યા પ્રમાણે સમિતિએ અભ્યાસક્રમમાં 'પ્રાચીન ઇતિહાસ'ને બદલે ક્લાસિકલ હિસ્ટરી રાખવા અને તમામ વિષયોના અભ્યાસક્રમમાં ભારતીય જ્ઞાન પ્રણાલીનો સમાવેશ કરવાનું સૂચન પણ કર્યું છે.

'ભારત' યુગો જૂનું નામ છે. ૭૦૦૦ વર્ષ જૂના વિષ્ણુ-પુરાણ જેવા પ્રાચીન શાસ્ત્રમાં પણ ભારત નામનો ઉલ્લેખ છે. આઈઝેકે જણાવ્યું છે કે, હાલનાં પાઠ્યપુસ્તકોમાં દેશની નિષ્ફળતાનું વર્ણન છે, પણ મોગલ અને સુલતાનો પર આપણા વિજયનો ઉલ્લેખ નથી. સમિતિએ વિવિધ યુદ્ધોમાં હિન્દુઓના વિજયને હાઈલાઈટ કરવાની ભલામણ કરી છે. જોકે, સમિતિની ભલામણો પર હજી સુધી કોઈ નિર્ણય નથી લેવામાં આવ્યો.

નવા પુસ્તકોમાં ઇન્ડિયાના સ્થાને ભારત શબ્દના ઉપયોગને કેટલું મહત્ત્વ મળે છે એ ભવિષ્યની વાત છે, પરંતુ સ્કૂલો માટે જે નવું માળખું તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં તરફેણ કરવામાં આવી છે કે દેશની નવી પેઢીને ભારત અને ભારતીયતાથી સાંકળીને રાખવામાં આવે. આ માટે તેઓને દેશનાં તમામ પાસાં વિશે પુસ્તકો દ્વારા ભણાવવામાં આવે જેનાથી તેઓ દેશ વિશે સારી રીતે જાણી અને સમજી શકે. આથી દરેક વિષયનાં પાઠ્યપુસ્તકમાં ઉદાહરણો પણ ભારતીય જ રાખવાનું કહેવામાં આવ્યું છે.

અંગ્રેજોએ ભારતીય ઇતિહાસને ત્રણ ભાગોમાં વિભાજિત કર્યો હતો, જેમાં પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક સામેલ છે. આમાં ભારતને અંધકારમય, વિજ્ઞાન અને પ્રગતિથી અનભિજ્ઞ જણાવાયો છે. આ જ કારણે સમિતિનું સૂચન છે કે ભારતીય ઇતિહાસને ક્લાસિકલ કાળનો મધ્યકાલીન અને આધુનિક કાળ સાથે ભણાવવામાં આવે. ભારત નામ પહેલીવાર અધિકૃત રીતે ત્યારે પ્રકાશમાં આવ્યું હતું જ્યારે સરકારે જી૨૦ શિખર સંમેલન દરમિયાન પ્રસિડેન્ટ ઓફ ઇન્ડિયાના બદલે, પ્રેસિડેન્ટ ઓફ ભારતના નામથી નિમંત્રણ મોક્લ્યાં હતાં.

આપણે જે પ્રચાર-યુગમાં જીવી રહ્યા છીએ, તેમાં શ્રેય લેવાનો લોભ હવે આવશ્યક સંવાદો પર હાવી થઈ રહ્યો છે, જ્યારે કે આ લોકતંત્રના મૂળ આત્માથી વિપરીત છે.

# જેની ચોખ્ખી દાનત એ કુદરત પાસે લાયક

## ખેતી માટે જમીન ખરીદવા નગરશેઠ પાસેથી ધીરાણની રકમ લઈને ખેતમજૂર પોતે ઘેર જતો હતો અને રસ્તામાં નાણું પડી ગયું. એની માએ સાચવેલી પોતાની મરણમૂડીની પૂરી રકમ કાઢી ને ભરપાઈ કરવા દીકરાને શેઠ પાસે પરત મોકલ્યો

**અલપ ઝલપ** -ડો. મનહર ઠાકર

વેપાર ધંધાથી ધીકતા નગરની આજુબાજુના દસ-બાર ગામડાંનું હટાણું આ નગરમાં હતું. આસપાસના દસેક ગામડાંના લોકો આ નગરમાં દરરોજ બળદગાડાં લઈને ગામ આખાની ખરીદી કરવા આવતા. તેથી આ નગરના વેપારીઓ ધીકતો ધંધો કરતા હતા. અહીંના એક મોટા વેપારી, જેને સૌ નગરશેઠ કહેતા હતા તે પોતે નાણાં ધીરધારનો ધંધો પણ કરતા. એ વખતે રાણી સિક્કાનું નાણું ચલણમાં હતું. એટલે કોઈને પૈસે ટકે ખેંચ પડે તો આ નગરશેઠ પાસેથી રાણી સિક્કાના રૂપિયા ધીરધારમાં લેવાતા.

આ નગરની નજીકના એક ગામડે ખેતમજૂરી કરતો એક યુવાન પોતે બે બળદ અને એક ગાડું રાખીને ગામ આખાનું હટાણું કરવા માટે આ નગરમાં આવતો. એના પરિવારમાં એ પોતે અને એની મા આ બે જણ જ હતાં. મા પણ ગામમાં મજૂરી કરતી. આમ મા દીકરાનું ગુજરાન ચાલતું.

દીકરાને એક વખત વિચાર આવ્યો કે જિંદગીભર આ વૈતરું અને ખેતમજૂરી કરવા કરતાં જો થોડી ખેતીની જમીન ખરીદી લેવાય તો પોતાના સમય અને શક્તિથી જાત મહેનતે ખેતી કરીને એક ખેડૂત બની શકું. એટલે તેણે નગરમાં ગામનું હટાણું કરવા જતી વખતે નગરશેઠનો સંપર્ક કર્યો. નગરશેઠે એની વિગત જાણી અને એક સો રાણીસિક્કાના રૂપિયા તેને ગામડે ખેતીની જમીન લેવા માટે ધીર્યા. સાંજના ટાણે પોતે શેઠે આપેલા એક સો રાણીસિક્કાના રૂપિયા એના બળદગાડાના આગળના ભાગે પોતાની થેલીમાં એ પોટલી મૂકીને બળદના ધોસરા સાથે બાંધી દે છે. પોતાને ગામડે જવા તેણે બળદગાડું હંકાર્યુ.

સૂર્યાસ્ત થઈ ગયો છે. નગર અને પોતાના ગામડાની વચ્ચે ધૂળિયે મારગ એનું ગાડું હાલ્યું જાય છે. અંધારાના ઓળા ઊતર્યા ને લોકોની અવર-જવર અટકી ગઈ છે. આખો કેડો અત્યારે તો સૂનો છે. આથમણે સૂર્ય આથમી ગયો છે ને ઉગમણે ચાંદો ઉગ્યો છે. સીમ ખેતરની વચ્ચે થઈને ગાડું ગામ તરફ હાલ્યું જાય છે. કેડાની બન્ને બાજુ વાડીઓના શેઢે લહેરાતાં ઝાડવાં પર આશરો લીધેલાં પક્ષીઓ પણ પોતાના માળે મૂંગા થઈ રાતવાસો કરવા લપાઈ ગયાં છે. ઝાડવાંની ડાળીઓનાં પાંદડાઓની



વચ્ચે ગળાઈને આવતા ચાંદાના અજવાળે ધૂળિયો મારગ ઝાંખો ઝાંખો દેખાય છે. પોતે ગાડું લઈને ગામને પાદર થાતો પોતાના ફળિયે આવી પહોંચ્યો. ડોશીમાએ ફળિયાની ઝાંપલી ઉઘાડી. ગાડું ફળિયામાં આવ્યું. દીકરાએ ધોસરેથી બળદને છોડ્યા. ત્યારે ધોસરી પર બાંધેલી થેલી ઉતારતી વખતે તેને ખ્યાલ આવ્યો કે થેલીમાંથી શેઠે આપેલા રાણીસિક્કા ભરેલી પોટલી તો એમાં નથી. જે થેલીમાં પોટલી મૂકેલી એ થેલી ફાટી ગઈ હતી અને રાણીસિક્કાના વજનથી શેઠે આપેલી પૈસા ભરેલી થેલી રસ્તામાં પડી ગઈ. એ પોતે અકળાયો. બળદને નિરણ કર્યું અને માએ વાળુ કાઢ્યું પણ ભૂખ નથી એમ કરીને જમવા બેઠો નહીં. એ આકુળ વ્યાકુળ થઈને અહીં તહીં , ફળિયામાં, ગામને પાદર, અડધા કેડા સુધી ફરી વળ્યો પણ અંધારું છવાઈ ગયું હતું. ચાંદો પણ આથમી ગયો હતો. એવા ટાણે એ નીરાશ થઈને પાછો વળ્યો. ઘરે આવ્યો ત્યારે માને અણસાર આવી ગયો કે દીકરો કોઈ ભારે મૂંઝવણમાં છે. માએ પૂછ્યું, 'બેટા ! તને કાંઈ તકલીફ છે ? તું કોઈ ફિકરમાં છો ? '

દીકરો માની પાસે બેસી ગયો.પોતાની મૂંઝવણ જણાવી, 'જમીન લેવા માટે નગરશેઠ પાસેથી એક સો રાણીસિક્કા ધિરધારથી મેં લીધા અને આવતીકાલે આપણે જમીનનો સોદો કરવાની વાત હતી. પણ આપણી આ થેલી ફાટી ગઈ ને એમાંથી રાણીસિક્કાવાળી પોટલી ક્યાંક પડી ગઈ છે. હવે જમીન ખરીદવાની વાત તો ભૂલી જવાની પણ એક સો રાણીસિક્કા, હું શેઠને પાછા ક્યાંથી આપી શકું ? આપણે ખેતમજૂરમાંથી સારા ખેડૂત કદી નહીં બની શકીએ !!! બસ, આ વિચારોને લીધે હવે મને ખાવું ભાવતું નથી.'

માએ દીકરાના માથે હાથ મૂકીને કહ્યું, ' મારા પેટ ! ભલે આપણે જમીન તો નહીં લઈ શકીએ પણ તને ખબર નથી કે મેં જિંદગીભર મહેનત મજૂરી કરીને મારી મરણમૂડી માટે સંઘરેલું નાણું આપણા રસોડામાં ચુલાની આગૂણમાં રાખની નીચે ખાડો ગાળીને દાટ્યું છે. મારી આખી જિંદગીની કમાણી, જે મરણમૂડીરૂપે સાચવી છે, તે એક સો રાણીસિક્કાના રૂપિયા છે. સવારે જઈને તું શેઠને એ આપી આવજે અને કહેજે કે આ તમારા એક સો રાણીસિક્કાના રૂપિયા પાછા. અમારે જમીન લેવાની જે વાત હતી તે બંધ રહી છે. હવે વાળુ કરીને એયને ફકર ચિંતા કર્યા વગરનો સૂઈ જા હો. ' વહેલી સવારે રાખમાંથી કાઢીને માએ એક સો રાણીસિક્કા નવી નક્કોર થેલીમાં બાંધીને દીકરાને આપ્યા. નગરશેઠ પોતે નગરમાંથી વહેલા પરોઢિયે દોરી લોટો લઈને નગરના સીમાડાની વાડીઓમાં નાહવા ધોવા માટે એ જ ગામના ધૂળિયે માર્ગે ઉપડ્યા છે. થોડું અંધારું છે પણ એ ધૂળિયે મારગ અમુક અંતર કાપ્યા પછી એના પગમાં કંઈક અથડાયું. તેનો ખડખણાટ અવાજ થયો. એટલે પોતે નીચે નમીને જોયું તો જે ખેતમજૂરને પોતે એક સો રાણીસિક્કાની પોટલી આપી હતી એ જ એના પગમાં આવી. પોતે પોટલી ઉપાડી લીધી.

વાડીએથી નાઈ ધોઈને શેઠ પોતે ઘરે આવી ગયા છે. શિરામણ કરીને બેઠા છે. એવા ટાણે ગામડેથી પોતાની માએ આપેલા એક સો રાણીસિક્કા લઈને ખેત મજૂર શેઠ પાસે હાજર થયો. શેઠે વિચાર્યું કે, 'આ શું જવાબ આપે છે ? એના મનમાં શું વિચાર છે ?'

શેઠે કહ્યું , 'બોલો ભાઈ ! સવારના પહોરમાં વળી શું આવવું થયું ? ' 'શેઠબાપા ! ગઈકાલે સાંજે હું તમારી પાસેથી જે આ નાણું લઈ ગયો હતો તે પાછું આપવા આવ્યો છું. હવે અમારે જમીન ખરીદવાની નથી. એટલે આપના એક સો રાણીસિક્કા પાછા આપવા આવ્યો છું. લ્યો, ગણી લ્યો.' શેઠે રાણી સિક્કા હાથમાં લીધા એને જોયા ને કહ્યું, ' ભાઈ ! આ મેં આપેલા રાણીસિક્કા નથી. કારણ કે આ સિક્કા તો રાખવાળા છે. મારા સિક્કા તો રાખ વગરના હતા. આ તો તમે રાખવાળા આપો છો. જે મારે નથી લેવા.'

' શેઠબાપા ! અહીંથી સાંજે અંધારું થઈ ગયા પછી ધૂળિયે મારગ ગામડે જતી વખતે મારી થેલીમાંથી તમે આપેલા રાણીસિક્કાની પોટલી ક્યાંક પડી ગયેલી. એટલે મારી માએ મહેનત મજૂરી કરીને પોતાની મરણમૂડી માટે ભેળાં કરેલા ને ચૂલામાં રાખ નીચે દાટી રાખેલા આ સિક્કા તમને આપવા માટે મને અત્યારના પ્હોરમાં મોકલ્યો છે. '

# ડિફેન્સ અટાચી : ભારત વિશ્વમાં ડંકો વગાડશે?

## ભારત મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ હેઠળ સ્વદેશી શસ્ત્રોનું નવું બજાર ઊભું કરવાનો પ્રયાસ કરી રહ્યું છે

ભારત સરકાર હવે ચીન સાથે રાજદ્વારી રીતે સ્પર્ધા કરવા માટે વિશ્વના અન્ય દેશો સાથે તેની ભાગીદારીને પ્રોત્સાહન આપી રહી છે. તાજેતરમાં ભારત સરકારે એક મોટો અને ચોંકાવનારો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકાર વ્યૂહાત્મક સંબંધો અને સંરક્ષણ સહયોગને મજબૂત કરવા માટે ઘણા દેશોમાં ડિફેન્સ એટેચની નિમણૂક કરવા જઈ રહી છે. આ નિમણૂકો આફ્રિકન દેશો, પોલેન્ડ અને ફિલિપાઈન્સ સહિત ઘણા દેશોમાં થવાની છે. તેનું કારણ આફ્રિકા અને દક્ષિણ ચીન સાગરમાં ચીનનો વધતો સૈન્ય પ્રભાવ માનવામાં આવે છે

૭૦ દેશોના ૧૨૦ થી વધુ સંરક્ષણ એટેચ ભારતમાં તૈનાત છે, તેમની સંખ્યા વધારવાની ભલામણો અન્ય દેશોમાંથી સતત ભારતમાં આવી રહી છે. તે જ સમયે, પ્રથમ વખત, ભારત આર્મી, નેવી અને એરફોર્સના ૧૫-૧૬ નવા સંરક્ષણ એટેચ પણ તૈનાત કરવા જઈ રહ્યું છે, જે પોલેન્ડ, આર્મેનિયા, ટાન્ઝાનિયા, મોઝામ્બિક, જીબુટી, ઇથોપિયા જેવા દેશોમાં મોકલવામાં આવશે. ભારત મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ હેઠળ સ્વદેશી શસ્ત્રોનું નવું બજાર ઊભું કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

તાજેતરમાં જ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું હતું કે, ભારતની સંરક્ષણ નિકાસ છેલ્લા કેટલાક વર્ષોમાં ઝડપથી વધી છે, જે ૨૦૧૪માં રૂપિયા ૧,૦૦૦ કરોડ હતી તે અત્યારે રૂપિયા ૧૬,૦૦૦ કરોડ થઈ ગઈ છે. જે ૨૦૨૮-૨૯ સુધીમાં રૂપિયા ૫૦,૦૦૦ કરોડ સુધી પહોંચવાની શક્યતા છે. લેફ્ટનન્ટ જનરલ સૈયદ અતા હસનૈન (નિવૃત્ત) અનુસાર, અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ચીન, બાંગ્લાદેશ અને પાકિસ્તાન જેવા મહત્વના દેશો માટે માત્ર ફ્લેગ રેન્કના અધિકારીઓની પસંદગી કરવામાં આવે છે. લશ્કરી રાજદ્વારી તરીકેની જવાબદારી નિભાવવા માટે તાલીમ પછી કડક પસંદગી પ્રક્રિયા છે. લશ્કરી બાબતોમાં ઉચ્ચ કુશળ હોવા ઉપરાંત, અધિકારીઓને તે ક્ષેત્રમાં નિપુણતા પણ હોવી જોઈએ. જેમાં સંયુક્ત તાલીમ, સંરક્ષણ સાધનો, શસ્ત્રો અને દારૂગોળાની સપ્લાય સંબંધિત સંરક્ષણ સહયોગ જેવા કાર્યોનો સમાવેશ થાય છે.

આફ્રિકામાં શસ્ત્રોના વેચાણની ઘણી સંભાવનાઓ છે અને જે રીતે ભારત મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ હેઠળ સ્વદેશી શસ્ત્રો વિકસાવી રહ્યું છે તેનાથી સમગ્ર વિશ્વમાં

**કરંટ ટોપિક**

ભારતની લોકપ્રિયતા વધી રહી છે. જ્યારે અન્ય દેશો ભારતમાં બનેલા હથિયારોને પ્રાથમિકતા આપી રહ્યા છે કારણ કે ભારત સાથે કોઈ રાજકીય વિવાદ જોડાયેલો નથી.

પરંતુ આફ્રિકામાં બજારો શોધવાના અન્ય કારણો છે. નાના આફ્રિકન દેશ જિબુટીમાં ડિફેન્સ એટેચની તૈનાતી અંગે નિષ્ણાતો કહે છે કે જિબુટી વ્યૂહાત્મક રીતે પૂર્વ આફ્રિકામાં સ્થિત છે અને તે લાલ સમુદ્ર અને એડનની અખાતની આસપાસનું મુખ્ય દરિયાઈ કેન્દ્ર છે. તેથી તેને લશ્કરી થાણા માટે યોગ્ય સ્થળ તરીકે જોવામાં આવે છે. ચીને સૌપ્રથમ ૨૦૧૭ માં જીબુટીમાં તેનું લશ્કરી મથક સ્થાપ્યું, તેને લાલ સમુદ્રમાં પ્રવેશ આપ્યો. ત્યારથી, હિંદ મહાસાગર ક્ષેત્રમાં આફ્રિકન પૂર્વ કિનારેથી મલક્કાના સ્ટ્રેટ સુધી સુવિધાઓ સ્થાપિત કરવા માટે કામ ઝડપથી આગળ વધી રહ્યું છે.

આફ્રિકામાં મોટી સંખ્યામાં દેશો છે જેમને સમર્થન અને સહાયની જરૂર છે. લશ્કરી ટેક્નોલોજીનું વેચાણ આમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. તેમનું કહેવું છે કે ચીને સંરક્ષણ પુરવઠામાં નોંધપાત્ર લીડ હાંસલ કરી છે અને ભારતે પણ આગળ વધવાની જરૂર છે. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે ભારતની અધ્યક્ષતામાં ૫૫ દેશોના બનેલા આફ્રિકન યુનિયનને ઞ-૨૦ના સ્થાયી સભ્ય તરીકે પ્રવેશ મળ્યો હતો. તે જ સમયે, ભારત વિશ્વભરમાં ૨૬ નવા મિશન ખોલવાની તૈયારી કરી રહ્યું છે, જેમાંથી ૧૮ આફ્રિકન દેશોમાં હશે.

ઈથોપિયા, મોઝામ્બિક અને આઈવરી કોસ્ટમાં ડિફેન્સ એટેચને તૈનાત કરવાનો નિર્ણય આફ્રિકન દેશો સાથે સૈન્ય વ્યૂહરચના વધારવાના ઉદ્દેશ્યથી લેવામાં આવ્યો છે. જોકે, ભૂતકાળમાં પણ ઈથોપિયામાં સંરક્ષણ એટેચ મોકલવામાં આવ્યા છે. ૧૯૭૦ ના દાયકાના મધ્યમાં મેંગિસ્ટુ હેલે મરિયમના શાસન દરમિયાન, રાજધાની અદીસ અબાબામાં સંરક્ષણ એટેચીની પોસ્ટ કરવામાં આવી હતી. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, સંરક્ષણ એટેચીની તૈનાતીથી એવો સંદેશ જશે કે આફ્રિકા ભારત માટે મહત્વપૂર્ણ છે. વધુમાં, આ લશ્કરી સહયોગ અને શસ્ત્રોના વેચાણની શક્યતાઓ પણ ખોલશે, કારણ કે ઘણા આફ્રિકન દેશો તેમની સેનાને આધુનિક બનાવવા માટે કામ કરી રહ્યા છે.

તે જ સમયે, ચીન આફ્રિકામાં તેની વ્યૂહાત્મક ભાગીદારી પણ વધારી રહ્યું છે, જેના કારણે તેને આ દેશોમાં ઘૂસણખોરી કરવાની તક મળી છે. પરિસ્થિતિની તાકીદને સમજીને ભારતે પણ આફ્રિકન દેશો સાથે લશ્કરી દાવપેચ વધાર્યા છે.

# સનાતન ધર્મમાં શું શું આવે છે એનું પરમજ્ઞાન

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

## સનાતન ધર્મ વિશે સૌથી વધુ વાતો થાય છે સર્વ કોઈ સનાતન ધર્મમાં શું આવે છે તે જાણવા માંગે છે સામાન્ય રીતે માનવામાં આવે છે કે સનાતન ધર્મ એટલે વાર તહેવાર વ્રત ઉપવાસ પૂજા ઉપાસના ને યોગ પરંતુ સનાતન ધર્મ નો જ્ઞાન મેળવવું દરેક વ્યક્તિએ અત્યંત જરૂરી હોવાથી સનાતન ધર્મમાં શું આવે છે તે જાણવાનો પ્રયાસ કરીએ

સૌથી પહેલા સનાતન ધર્મમાં આવે છે ચાર વેદ. આ ચાર વેદ કયા છે તે દરેકે જાણવું જરૂરી છે. આ ચાર વેદમાં સૌથી જૂનામાં જૂનો અને સૌથી પહેલો આવે છે ઋગ્વેદ. બીજો યજુર્વેદ ત્રીજો સામવેદ અને ચોથો અથર્વવેદ સનાતન ધર્મના ઇતિહાસમાં જે ગ્રંથો આવે છે તે નીચે મુજબ છે. ઋગ્વેદમાં જ્ઞાન છે. યજુર્વેદમાં કર્મકાંડ છે. સામવેદમાં ઉપાસના છે. અને અથર્વવેદમાં વિજ્ઞાન છે. ઋગ્વેદમાં ૧૦૫૮૯ મંત્ર છે. યજુર્વેદમાં ૧૯૭૫ મંત્ર છે. સામવેદમાં ૧૮૭૫ મંત્ર છે. અથર્વવેદમાં ૫૯૭૭ મંત્ર છે

સૃષ્ટિના આરંભમાં ચારેય વેદ ઈશ્વરને સમાધિ અવસ્થામાં ચાર ઋષિઓને દીધા.

સનાતન ધર્મમાં મંત્રોથી રોગ નિવારક શક્તિ નું પ્રદાન કેવી રીતે થાય છે તે જાણવા જેવું છે.

આધુનિક મેડિકલ વિજ્ઞાન કેન્સરને અસાધ્ય ગણે છે પરંતુ કેન્સરનો રોગી જો રોજ સવારે ઓમ નમઃ શિવાય સંભવે કરકે સાઈ નમઃ આ મંત્રનો જાપ ૧૦૮ વખત કરે તો તેને ધીમે ધીમે કેન્સરમાં રાહત થશે અને પૂર્ણ શ્રદ્ધા હશે તો ચોક્કસ મટી જશે. આ ઉપરાંત

મગજને લગતા રોગોમાં ઓમ ઉમાદેવ્યાભ્યા નમઃ મંત્રનો નીચે જાપ કરવાથી સીર દર્દ હીસ્ટીરિયા યાદ શક્તિની કમી મંદબુદ્ધિ વગેરે રોગોમાં ખૂબ જ ફાયદો થાય છે.

હૃદય રોગમાં ઓમ નમઃ શિવાય સંભવૈયુહેશાય નમઃ મંત્રનો જાપ કરવાથી અને સૂર્ય નમસ્કાર કરવાથી હૃદય રોગમાં રાહત થાય છે. ધીમે ધીમે આ રોગ મટે છે.

આવી જ રીતે તમામ રોગો દૂર કરવાના ઉપાયો શાસ્ત્રોમાં આપેલા છે. અનેક પ્રકારની મનોકામના પૂર્ણ કરવા માટેના પણ મંત્ર છે. ગ્રહ કલેશ દૂર કરવાના પણ મંત્ર છે. વ્યાપાર થી જોડાયેલી મુશ્કેલીઓથી છુટકારો મેળવવા માટે પણ ઓમ ગણેશ મહાલક્ષ્મી એ નમઃ મંત્ર છે. રોગમુક્તિ થવાના પણ ગણપતિના મંત્રો છે. સંતાન પ્રાપ્તિના પણ મંત્રો છે. આવી રીતે જીવનની તમામ સમસ્યાઓ મંત્રોથી દૂર કરવા માટેના મંત્રો છે. આ ઉપરાંત ૧૨ રાશીના બાર મંત્ર છે. જે રાશિમાં પનોતી ચાલતી હોય કે અન્ય કંઈ મુશ્કેલી હોય તો બારે બાર રાશિના મંત્રો યોગ્ય વિદ્વાન વ્યક્તિની સલાહથી કરવાથી તેમાં ફાયદો થાય છે. આ ઉપરાંત ભગવાન ધનવંતરીએ દવા વગર પણ ચિકિત્સા કેવી રીતે થઈ શકે તેના પણ મંત્રો આપેલા છે.

પ્રકૃતિને શરણે જવાથી અને પ્રકૃતિના નિયમોનું પાલન કરવાથી પણ રોગ દૂર થઈ શકે છે. આ માટે નૈસર્ગિક ચિકિત્સા પદ્ધતિ પણ છે. આયુર્વેદ કહે છે કે દુનિયામાં એવી કોઈ વનસ્પતિ નથી કે જેનો રોગ મટાડવામાં ઉપયોગ ન થઈ શકે. અહીં સૌથી મોટી મુશ્કેલી એ છે કે આ વિશેનું જ્ઞાન બહુ ઓછા લોકો પાસે છે. અને સૌથી વધુ પોતાની જાતને બુદ્ધિ જીવી ગણતા કહેવાતા વિદ્વાન (?)લોકો આ વસ્તુને હમબક માને છે!! તે આપણા દેશની સૌથી મોટી કમનસીબી છે. પ્રાચીન સમયમાં ભગવાન ધનવંતરી મહર્ષિ પતંજલિ મહર્ષિ ચરક જેવા ઋષિઓ હોય થી માંડી ઝંડુ ભટ્ટ જેવા આયુર્વેદના નિષ્ણાતોએ આયુર્વેદનો પ્રચાર કર્યો. બાબા રામદેવ જેવા એ યોગનો પ્રચાર કર્યો. આપણા ગુજરાતના રાજશ્રી મુનિએ કાયાવરોહ ધામમાં યોગનું સૌથી મોટું કેન્દ્ર સર્વ કર્યું જાકડ ગામે પણ યોગ મંદિર બની રહ્યું છે. આ ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગનો વ્યાપક પ્રચાર કરવામાં આવી રહ્યો છે તે આનંદની વાત છે. આ સિવાય યોગ અલગ અલગ પદ્ધતિથી લોકો અપનાવી રહ્યા છે જેમાં વિપસ્યના, સહજયોગ, તથા અષ્ટાંગિયોગ, કર્મયોગ, રાજયોગ, ભક્તિ યોગ, જ્ઞાન યોગ સહિતના વિવિધ યોગ માર્ગ નો સમાવેશ સનાતનમાં કરવામાં આવ્યો છે.વર્તમાન સમયમાં અનેક વિદ્વાનો અને યોગ નિષ્ણાતો આ અંગે કાર્ય કરી રહ્યા છે યોગગુરૂ આર જે જાડેજા આમાં અત્યંત મહત્વપૂર્ણ વ્યક્તિ છે. જેણે યોગને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લઈ જઈ મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે. તેઓ ૮૦ કરતા વધુ વય ની વ્યક્તિ હોવા છતાં આજે એક યુવાનને શરમાવે તેવી રીતે યોગ માટે સમર્પિત બનીને જબરજસ્ત કાર્ય કરી રહ્યા છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા દરેક નાના મોટા શહેરોમાં યોગ ટ્રેનર દ્વારા યોગના ક્લાસ ચાલી રહ્યા છે. આ બાબતમાં શ્રેષ્ઠ જાણકારી અને યોગનું પ્રેક્ટીકલ જ્ઞાન ઘર ઘર સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે. યોગ સંસ્કાર નામની પત્રિકા ચાલી રહી છે. જે વિના મૂલ્ય સર્વને મોકલવામાં આવી રહી છે.

સામાન્ય જનતાને તેની જાણકારી આપવામાં આવી રહી છે. હિન્દુ ધર્મના ઉત્સવોને મહત્વ આપવામાં આવી રહ્યો છે.યાત્રાધામોનો જબરજસ્ત વિકાસ થઈ રહ્યો છે રામ મંદિર બની ચૂક્યું છે રામનવમી ના દિવસે અવધપુરી માં ભવ્ય પ્રોગ્રામોનું આયોજન થઈ રહ્યું છે. ગામો ગામ ધર્મની જાગૃતિના કાર્યો ઝડપથી થઈ રહ્યા છે.

આમ ઘણું સારું કામ થયું છે પરંતુ આપણે સૌએ આ બાબતમાં વધુ જ્ઞાન મેળવીએ અને સર્વ જગતમાં સૌ સુખી થાય સર્વને હેલ્થ વેલ્થને હેપીનેસ મળે તે માટે પ્રયાસ કરીએ અને એ જ આપણા સનાતન ધર્મનો મુખ્ય હેતુ છે. સનાતનમાં સંકટથી બચવા માટેના મંત્રો છે. વિઘ્ન વિનાશ માટેના મંત્રો છે. દુઃખ નાશ ના પણ મંત્રો છે. સર્વ રક્ષા મંત્ર છે. શરીર રક્ષા મંત્ર છે. દેહ રક્ષા મંત્ર છે. સર્વ સિદ્ધિ રક્ષા મંત્ર છે. આ ઉપરાંત આ બધું સાહિત્ય આપણા પ્રાચીન ઋગ્વેદ યજુર્વેદ સહિતના ગ્રંથોમાં આપેલું છે. જેનો અભ્યાસ કરવામાં આવે તો ખ્યાલ આવે કે સનાતન કોને કહેવાય સનાતન ધર્મનું મહત્વ શું છે?

સનાતન ધર્મમાં ચાર ઉપવેદ આવે છે જેમાં અથર્વવેદ ધનુર્વેદ ગંધર્વ વેદ અને આયુર્વેદ નો સમાવેશ થાય છે આયુર્વેદ ના અનેક પેટા ગ્રંથો પણ છે જે પ્રાચીન સમયના ઋષિમુનિઓ અને વિદ્વાન લોકોએ લખેલા છે સનાતન ધર્મમાં ૧૦૮ ઉપનિષદ આવે છે

સનાતન ધર્મમાં ૧૮ પુરાણ આવે છે જેમાં બ્રહ્મ પુરાણ વિષ્ણુ પુરાણ શિવપુરાણ ભાગવત પુરાણ નારદપુરાણ માર્કંડીપુરાણ અગ્નિ પુરાણ ભવિષ્ય પુરાણ બ્રહ્મ વહીવટ પુરાણ લિંગ પુરાણ વરાહપુરાણ સ્કંદપુરાણ વામનપુરાણ કર્મ પુરાણ મત્સ્ય પુરાણ ગરુડ પુરાણ બ્રહ્માંડ પુરાણ અને વાયુ પુરાણ ૧૮ મુ પુરાણ છે આવા ૧૮ પુરાણમાં આપણે માત્ર શ્રીમદ ભાગવત અને ગરુડ પુરાણ નો જ પરિચય છે બાકીના ગ્રંથો ખૂબ જ વિસ્તૃત છે.

સનાતન ધર્મમાં વેદાંગ આવે છે આવા છ વેદાંગ છે જેમાં સૌથી પહેલા વ્યાકરણ જ્યોતિષી નિરૂપતા શિક્ષા છંદ અને કલ્પસૂત્ર એવા છ વેદના અંગો છે. સનાતન ધર્મ વિશે એમ કહેવાય છે કે સર્વોત્તમ વિદ્વાન વ્યક્તિ જ લખવા બેસે તેનું આખું જીવન પૂર્ણ થઈ જાય તો પણ સનાતન નો એક અંશ માંડ માંડ લખી શકે એક હિન્દુ તરીકે દરેક વ્યક્તિને સનાતન પ્રત્યે ભગવાન રામ પ્રત્યે ભગવાન શિવ સહિતના સર્વે દેવો પ્રત્યે પરમ શ્રદ્ધા હોવી જરૂરી છે અને તેનું ગૌરવ પણ હોવું જોઈએ.

# અમેરિકાના નવા સ્પેસ મિશન સાથે અવકાશમાં સાચા અર્થમાં 'સ્ટાર વોર' થવાની સંભાવના



કેલિફોર્નિયા,

સ્પેસમાં અમેરિકા અને તેના સાથીઓની રક્ષા માટે બનાવવામાં આવેલી યુ.એસ. સ્પેસ ફોર્સે ભ્રમણકક્ષામાં એટલે ઓન-ઓર્બિટ મિલિટરી મિશન માટે ખાનગી સ્પેસ કંપનીઓ રોકેટ લેબ અને ટ્રૂ એનોમલી સાથે પાર્ટનરશિપ કરી છે. આ મિશનની જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે, યુએસ સ્પેસ કમાન્ડના કમાન્ડર જનરલ સ્ટીફન વ્હાઈટિંગે અમેરિકી સેનેટની આર્મ્ડ સર્વિસીસ કમિટીને જણાવ્યું હતું કે, ચીન અને રશિયાએ અવકાશ ક્ષેત્રને 'વોર ઝોન' એટલે કે, યુદ્ધ ક્ષેત્રમાં પરિવર્તિત કર્યું છે.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, ચીન અવકાશ ક્ષેત્રમાં હરણફાળ ગતિએ આગળ વધી રહ્યું છે. આ પહેલી વખત નથી જ્યારે, અમેરિકાની કોઈ સંસ્થાએ સરકારને ચીનની અવકાશના ક્ષેત્રમાં મહત્ત્વકાંક્ષી યોજના વિશે અવગત કરાવી છે. યુએસ અધિકારીઓના મતે, અમેરિકાએ ૧૯૬૯માં એપોલો ૧૧ને ચંદ્ર પર ઉતારીને પોતાની સર્વોપરિતા સાબિત કરી હતી. આ સાથે જ સોવિયત યુનિયન સાથે 'કોલ્ડ વોર' સ્પેસ સ્પર્ધાનો અંત આવ્યો હતો. આ ઘટનાના ૫૫ વર્ષ બાદ સ્પેસ ક્ષેત્રમાં પણ દક્ષિણ ચીન સમુદ્ર જેવી સ્થિતિ પેદા ન થાય તે માટે યુએસ સ્પેસફોર્સે હવે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

# ઈટાલીમાં સરોગસી માટે $1 મિલિયન સુધીનો દંડ અને જેલની સજા થઈ શકે છે

ઈટાલી,

વિશ્વભરમાં સરોગસીને લઈને વિવિધ પ્રકારના નિયમો અને નિયમો છે. કેટલાક દેશોમાં તેને કાયદેસર રીતે માન્ય ગણવામાં આવ્યું છે જ્યારે ઘણા દેશોમાં તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ દરમિયાન ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પણ આ અંગે ટિપ્પણી કરી છે. તેણે કહ્યું કે સરોગસી "અમાનવીય" છે. મેલોનીએ તેની સામે સખત દંડને સમર્થન આપ્યું છે, જેમાં ઈં૧ મિલિયન સુધીના દંડ અને કેટલાક વર્ષોની જેલનો સમાવેશ થાય છે. ઈટાલીમાં સરોગસી પર પહેલાથી જ પ્રતિબંધ છે, પરંતુ ઈટાલીની પાર્ટી મેલોની બ્રધર્સે આ અંગે એક બિલ રજૂ કર્યું છે. આ બિલમાં એવો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે કે સરોગસી કરનાર વ્યક્તિએ ૧ મિલિયન યુરો સુધીનો દંડ ભરવો પડશે. તેમજ જેલની સજા જે હાલમાં ત્રણ મહિનાની હતી તે વધારીને બે વર્ષ કરવી જોઈએ. મેલોનીએ શુક્રવારે રોમમાં કહ્યું હતું કે "હું માનું છું કે સરોગસી એક અમાનવીય પ્રથા છે. હું બિલને સમર્થન આપું છું જે તેને વૈશ્વિક સ્તરે ગુનો બનાવે છે. વાસ્તવમાં, ઈટાલિયન પીએમની આ ટિપ્પણીને કેથોલિક ચર્ચના મંતવ્યો અનુસાર માનવામાં આવી રહી છે. પોપ ફ્રાન્સિસે સરોગસીને સંબોધતા કહ્યું કે તે બાળક અને મહિલા બંનેની ગરિમાનું ઉલ્લંઘન કરે છે. સરોગસી અન્યોને તેમના મનસ્વી લાભ અથવા ઈચ્છાને વશ કરવા માટે માત્ર એક માધ્યમ બની જાય છે.

# શાર્ક ટેન્ક ઈન્ડિયાના શો દરમિયાન પિચર્સને આપવામાં આવેલા ચેક નકલી




મુંબઈ,

'શાર્ક ટેક્ક ઈન્ડિયા' એક લોકપ્રિય ટેલિવિઝન શો છે. આ શોમાં પિચર્સ એક બિઝનેસ આઈડિયા લઈને આવે છે જ્યાં જો શાર્કને તેમનો આઈડિયા ગમતો હોય તો બંને સાથે મળીને બિઝનેસ ડીલ કરે છે. દેશના પ્રખ્યાત બિઝનેસમેન અમિત જૈન 'શાર્ક ટેક્ક ઈન્ડિયા'માં જજની ભૂમિકામાં જોવા મળે છે. હાલમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન અમિત શો સાથે જોડાયેલા ઘણા રસપ્રદ ખુલાસા કરતા જોવા મળ્યા હતા.

અમિત જૈન 'શાર્ક ટેક્ક ઈન્ડિયા'ના લોકપ્રિય જજમાંથી એક છે. શોમાં તે ખૂબ જ રસપ્રદ રીતે પોતાના વિચારો રજૂ કરતી જોવા મળે છે. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન અમિતે કહ્યું હતું કે 'શાર્ક ટેક્ક ઈન્ડિયા'ના શો દરમિયાન પિચર્સને આપવામાં આવેલા ચેક નકલી છે. તેઓ ફક્ત બતાવવા માટે આપવામાં આવે છે કે પિચર્સ અને શાર્ક વચ્ચે સોદો કરવામાં આવ્યો છે.

અમિત જૈન કહે છે, 'જુઓ, શો દરમિયાન કરવામાં આવેલા તમામ બિઝનેસ ડીલ્સ વાસ્તવિક છે, માત્ર પિચરોને આપવામાં આવેલા ચેક નકલી છે.

# આ વર્ષે અમરનાથ યાત્રા ૨૯મી જૂન ૨૦૨૪થી શરૂ થશે અને ૧૯મી ઓગસ્ટે શ્રાવણ પૂર્ણિમાના રોજ સમાપ્ત થશે

મુંબઈ,

આ વર્ષે અમરનાથ યાત્રા ૨૯ જૂનથી શરૂ થશે. અમરનાથ યાત્રા માટે રજીસ્ટ્રેશન ૧૫મી એપ્રિલ ૨૦૨૪, સોમવારથી શરૂ થશે. આ યાત્રા ૧૯મી ઓગસ્ટે શ્રાવણ પૂર્ણિમાના રોજ સમાપ્ત થશે એટલે કે તે ૪૫ દિવસની હશે. જે લોકો આ યાત્રા પર જવા માંગે છે તે સત્તાવાર વેબસાઈટ https://jksasb.nic.in પર નોંધણી કરાવી શકે છે.

અમરનાથની વાર્ષિક યાત્રા બે માર્ગો દ્વારા થાય છે - અનંતનાગ જિલ્લામાં પરંપરાગત ૪૮ કિમી લાંબો નુનવાન-પહલગામ માર્ગ અને ગાંદરબલ જિલ્લામાં ટૂંકા અને સાંકડા ૧૪ કિમીનો બાલટાલ માર્ગ. આ યાત્રાનું આયોજન જમ્મુ અને કાશ્મીર સરકાર અને શ્રી અમરનાથ જી શ્રાઈન બોર્ડના સંયુક્ત સહયોગથી કરવામાં આવ્યું છે.

અમરનાથ તીર્થધામ જમ્મુ અને કાશ્મીરમાં શ્રીનગર શહેરથી ઉત્તર-પૂર્વ દિશામાં ૧૩૫ કિલો મીટર દૂર સમુદ્રતટ કરતાં ૧૩,૬૦૦ ફૂટ જેટલી ઊંચાઈ પર આવેલી એક પહાડી ગુફામાં સ્થિત છે. આ ગુફાની લંબાઈ (અંદર તરફની ઊંડાઈ) ૧૯ મીટર અને પહોળાઈ ૧૬ મીટર જેટલી છે.



# ૧૫ વર્ષ બાદ હવે 'Yeh Rishta Kya Kehlata Hai'શો બંધ થશે, મેકર્સને લીગલ નોટિસ મળી

મુંબઈ,

'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ' ૧૫ વર્ષથી ચાલી રહી છે અને તેની ફેન ફોલોઈંગ ખૂબ જ મોટી છે. લોકો હજુ પણ આ શોને પસંદ કરે છે અને તે લાંબા સમયથી ટોચના પાંચ શોમાંથી એક છે. આ શોનો ક્રેઝ વધી રહ્યો છે. આ દરમિયાન, શો સંબંધિત સમાચાર આવ્યા કે તેને બંધ કરવાની નોટિસ મળી છે. આ બધાની વચ્ચે રાજન શાહીએ શોને લઈને પોતાનું મૌન તોડ્યું છે. મેકર્સે આ મામલે કહ્યું હતુ કે તેમને આ શો માટે નોટિસ મળી છે પણ આવી નોટિસ મળવાથી શોની ્ ઈૈ વધે છે. તે 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ'ની ખૂબ નજીક રહ્યા છે. તે શોમાં આવતા ઉતાર-ચઢાવમાંથી પસાર થયા છે. ઘણી વખત ટીઆરપી ઘટી હતી અને ઘણી વખત શો લાંબા સમય સુધી ચાલવાને કારણે ટ્રોલ થયો હતો. રાજન શાહીએ તાજેતરમાં એક ઈફ્તાર પાર્ટીનું આયોજન કર્યું હતું, જ્યાં 'અનુપમા', 'આય કુથે ક્યા કરતે', 'બાતેં કુછ અન કહી સી', 'વો તો હૈ અલબેલા', 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ' અને બીજા ઘણા શોના કલાકારો આમંત્રિત કર્યા હતા. તેણે તે તમામ કલાકારોને પાર્ટીમાં આમંત્રિત કર્યા જેમની સાથે તેણે પહેલા કામ કર્યું છે. પાર્ટી દરમિયાન તેમણે મીડિયા સાથે વાત કરી હતી. 'ટેલી ચક્કર' સાથે વાત કરતાં રંજન શાહીએ આખી વાત કહી. નિર્માતાએ 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ' વિશે વાત કરી અને ખુલાસો કર્યો કે તેને શો બંધ કરવાની નોટિસ મળી છે. તેણે શેર કર્યું કે તેને પ્રોગ્રામિંગ ટીમ તરફથી નોટિસ મળી છે પરંતુ દરેક વખતે કંઈક રસપ્રદ બને છે. તેણે ખુલાસો કર્યો કે જ્યારે પણ નોટિસ આવે છે કે યે રિશ્તા ક્યા કહેલાતા હૈ ્ ઈૈ વધી છે અને તે આવી વસ્તુઓને એક પડકાર તરીકે લે છે અને બીજું કંઈ નહીં. હાલમાં 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ'ની ચોથી પેઢીની વાર્તા ચાલી રહી છે. આ શોમાં સમૃદ્ધિ શુક્લા, રોહિત પુરોહિત, ગરવિતા સાધવાની, અનિતા રાજ, સલોની સંધુ, શિવમ ખજુરિયા, ઋષભ જયસ્વાલ, શ્રુતિ રાવત, સંદીપ કુમાર, વિનીત રૈના, સંદીપ રાજોરા, ગૌરવ શર્મા, શ્રુતિ ઉલ્ફત, શેરોન વર્મા, પ્રીતિ પુરી સિધ્ધાર, સિધ્ધાર અને શ્રુતિ છે. છે. તેની વાર્તા દરરોજ વધતા ટ્વિસ્ટ સાથે રસપ્રદ બની રહી છે.

# 'સિંઘમ અગેઇન' દિવાળીની આસપાસ રિલીઝ થાય તેવી શક્યતા

મુંબઈ,

રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેઈન' ૧૫મી ઓગસ્ટે રિલીઝ થવાની હતી. એ જ દિવસે અલ્લુ અર્જુનની 'પુષ્પા ૨ ધ રુલ' પણ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. જો કે લેટેસ્ટ રિપોર્ટ પ્રમાણે 'સિંઘમ અગેઈન' પોસ્ટપોન થઈ શકે છે. કદાચ નિર્માતાઓ પુષ્પા ટુ સાથે ટકરાવથી બચવા માંગે છે. સૂત્રોના કહેવા પ્રમાણે આ ફિલ્મને સ્થગિત કરવામાં આવી છે. કારણ કે હજુ સુધી ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થયું નથી. આશા છે કે જલ્દી નવી રિલીઝ ડેટ



જાહેર કરાશે. હવે દિવાળીની આસપાસ 'સિંઘમ અગેઈન' રિલીઝ થાય તેવી શક્યતા છે. રોહિત અને અજય દેવગનને ફિલ્મને લઈને કોઈ ઉતાવળ નથી. એક સૂત્રએ જણાવ્યું કે, રોહિત શેટ્ટી, અજય દેવગન અને આખી ટીમ ફિલ્મના શૂટિંગ માટે દિવસ-રાત લાગેલી છે, જેથી આ ફિલ્મ ૧૫મી ઓગસ્ટે ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થકે. જોકે, શૂટિંગમાં ધારણા કરતા વધુ સમય લાગી રહ્યો છે, કારણ કે 'સિંઘમ અગેઈન' જેવી એક્શન અને વીએફએક્સ આધારિત ફિલ્મ પર ખૂબ ધ્યાન આપવું પડે તેમ છે તેથી રોહિત શેટ્ટી અને અજય દેવગન ઉતાવળ કરવા ઈચ્છતા નથી. તેઓ ઈચ્છે છે કે સ્કેલ અને વિઝન સાથે કોઈ બાંધછોડ ન થાય.

# નેપોટિઝમ હોય કે ન હોય, હું અહીં છું. કોઈના પિતા પાસે ઉદ્યોગ નથી - વિદ્યા બાલન

મુંબઈ,

બોલિવૂડ એક્ટ્રેસ વિદ્યા બાલને ફિલ્મોમાં આવતા પહેલા ઘણો સંઘર્ષ કર્યો હતો. પરંતુ આજે અભિનેત્રીએ પોતાના દમ પર ઘણું નામ કમાઈ લીધું છે. તેની ફિલ્મોને ખૂબ પસંદ કરવામાં આવે છે અને તેના શ્રેષ્ઠ અભિનય માટે તેને ઘણા પુરસ્કારો મળ્યા છે. હવે અભિનેત્રીએ ઈન્ડસ્ટ્રીમાં નેપોટિઝમ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે.

બોલિવુડ ઈન્ડસ્ટ્રીને દુનિયાની સૌથી મોટી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંની એક ગણવામાં આવે છે. દર વર્ષે આ ઈન્ડસ્ટ્રીમાં ઘણી ફિલ્મો આવે છે. આ ફિલ્મો ઘણી કમાણી કરે છે અને દર્શકોને સંપૂર્ણ મનોરંજન પણ આપે છે. પરંતુ અન્ય ઉદ્યોગોની જેમ આ ઉદ્યોગ પણ વિવિધ પ્રકારના આક્ષેપોથી ઘેરાયેલો છે.

સૌથી મોટો આરોપ નેપોટિઝમનો છે. નેપોટિઝમના કારણે સ્ટાર્સને સોશિયલ મીડિયા પર ખૂબ ટ્રોલ કરવામાં આવે છે. હવે ઈન્ડસ્ટ્રીમાં પોતાના દમ પર સ્થાન બનાવનાર અભિનેત્રી વિદ્યા બાલને નેપોટિઝમ પર પોતાનો અભિપ્રાય આપ્યો છે.ઈન્ટરવ્યુમાં આ વિશે વાત કરતા અભિનેત્રીએ કહ્યું - નેપોટિઝમ હોય કે ન હોય, હું અહીં છું. કોઈના પિતા પાસે ઉદ્યોગ નથી, નહીંતર દરેક પિતાનો પુત્ર, દરેક પિતાની પુત્રી સફળ થઈ હોત. હું મારી પોતાની વસ્તુઓ કરવામાં ખુશ છું.



# જાન્હવી કપૂર એક દિવસ બોલિવૂડની સૌથી સુંદર અભિનેત્રીઓમાંની એક હશે

મુંબઈ,

બોલિવૂડમાં ઘણી અભિનેત્રીઓ આજે સફળતાના શિખરો પર છે, તેનું કારણ તેમની ગ્લેમરસ બોડી અને એક્ટિંગ છે. જો કે, એવી કેટલીક અભિનેત્રીઓ છે, જેમને તમે થોડા વર્ષો પહેલા જોયા હોત, તો તમે વિશ્વાસ ન કર્યો હોત કે એક દિવસ તેઓ બોલિવૂડની સૌથી સુંદર અભિનેત્રીઓમાંની એક હશે. જાન્હવી કપૂરનું નામ પણ આવી અભિનેત્રીઓમાં સામેલ છે, જેની ઝલક માટે આજે લાખો લોકો દિવાના છે. જહાન્વી આજે સોશિયલ મીડિયા સેન્સેશન છે, પરંતુ થોડા વર્ષો પહેલા એવું નહોતું. તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તમે શરત લગાવો છો કે તમે તેને પહેલી નજરમાં ઓળખી શકશો નહીં. જાહ્નવી કપૂરનો આ વીડિયો ઘણા વર્ષો જૂનો છે, જેમાં તે તેની માતા શ્રીદેવી સાથે જોવા મળી રહી છે. આ એક પ્રેસ કોન્ફરન્સ છે જ્યાં શ્રીદેવી અને તેની પુત્રી જહાનવી કપૂર બેઠી છે. પછી પત્રકારો જહાન્વીને કેટલાક પ્રશ્નો પૂછવા લાગે છે, તેના અભિનય કારકિર્દી વિશે પણ પ્રશ્નો પૂછવામાં આવે છે. આ દરમિયાન જોઈ શકાય છે કે જહાન્વીને હિન્દી બોલવામાં પણ તકલીફ થઈ રહી છે. તે બરાબર કહી શકતી નથી કે તે અત્યારે અભ્યાસ કરી રહી છે. આ પછી જહાન્વી બાકીના જવાબ અંગ્રેજીમાં આપે છે. આ વીડિયોમાં જહાન્વીની ઉંમર લગભગ ૧૬-૧૭ વર્ષની લાગે છે.



# લગ્નના ૪ વર્ષ પછી નેહા અને રોહનપ્રીતના સંબંધોમાં તિરાડ



મુંબઈ,

બોલિવૂડના સૌથી લોકપ્રિય સિંગર નેહા કક્કર અને રોહનપ્રીત સિંહ અવારનવાર તેમના લગ્નને લઈને ચર્ચામાં રહે છે. આ દરમિયાન, ઘણા અહેવાલો સામે આવ્યા છે કે નેહા અને રોહનપ્રીતના સંબંધોમાં તિરાડ આવી ગઈ છે અને બંને છૂટાછેડા લેવાના છે. આ અંગે સોશિયલ મીડિયામાં પણ ઘણી ચર્ચા થઈ રહી છે કે ચાર વર્ષ બાદ રોહન અને નેહા કેમ અચાનક છૂટાછેડા લેવા જઈ રહ્યા છે. ત્યારે આ અંગે રોહન પ્રીતે એક ઈન્ટવ્યૂ દરમિયાન તેના લગ્નજીવનને લઈને વાત શેર કરી હતી.

બોલિવૂડની સૌથી પોપ્યુલર સિંગર નેહા કક્કડ પોતાના અવાજથી લોકોને દિવાના બનાવતી રહે છે અને પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોતાના જીવન સાથે જોડાયેલ દરેક અપડેટ ફેન્સ સાથે શેર કરતી રહે છે. આ દિવસોમાં અભિનેત્રી રિયાલિટી શો સુપર સ્ટાર સિંગર ૩ માં જજ તરીકે જોવા મળે છે.

# કોંગ્રેસ માટે મોટી મુશ્કેલી બન્યા પૂર્વ નેતા, અત્યાર સુધી ૩૦૦૦ કોંગ્રેસીઓને ભાજપમાં ખેંચી ગયા

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ ભાજપ અને કોંગ્રેસ સહિત મોટાભાગના પક્ષોમાંથી નેતાઓ, કાર્યકરો, ધારાસભ્યો તથા સાંસદોની પક્ષપલટાની જાણે ઋતુ આવી ગઈ છે. આ સૌની વચ્ચે એવા ઘણાં નેતાઓ છે જેમના સમર્થકો પણ તેમની સાથે પાર્ટી છોડી રહ્યા છે. કોંગ્રેસ માટે આવા જ એક નેતા મુશ્કેલી બની ગયા છે કે જેમના આશરે ૩૦૦૦ જેટલા કોંગ્રેસી સમર્થકોએ કેસરિયો ધારણ કરી લીધો છે.

કોંગ્રેસ છોડી ચૂકેલા પૂર્વ ધારાસભ્ય અજય કપૂરે એક કાર્યક્રમ આયોજિત કર્યો હતો. આ ભાજપના ભરતી મેળા સમાન જ કાર્યક્રમ હતો જેમાં આશરે ૩૦૦૦ જેટલા કોંગ્રેસીઓએ પંજાનો સાથ છોડી કમળનો ફૂલ ઝાલી લીધો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. તેમાં ઘણાં પૂર્વ કાઉન્સિલરો પણ સામેલ હોવાનો ખુલાસો થયો છે.

કોંગ્રેસમાં મચેલી નાસભાગ રોકાઈ રહી નથી. પૂર્વ ધારાસભ્ય અજય કપૂર પ્રત્યે આસ્થા ધરાવતા કાનપુર બુંદેલખંડ ઝોનના કોંગ્રેસ સેવાદળના યુવા બ્રિગેડના પ્રદેશ અધ્યક્ષ સંગીત તિવારી, ૯ જિલ્લા અધ્યક્ષ સહિત અનેક પદાધિકારીઓએ કોંગ્રેસના નેતૃત્વને રાજીનામું મોકલી દીધું હતું જેમાં લખ્યું હતું કે પાર્ટીના નેતાઓ એસીમાંથી બહાર જ નીકળતા નથી. એટલા માટે અમે હવે ભાજપમાં જઈ રહ્યા છીએ. સેવા દળના નેતા સંગીતે રાજીનામામાં લખ્યું કે સ્થાનિક એકમોની ચૂંટણીમાં કોંગ્રેસ સેવાદળના અનેક કાર્યકરોને મહત્ત્વ અપાયું હતું પણ લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં તેમને ભુલાવી દેવાયા. ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ મોટી મુશ્કેલીમાં મૂકાઈ ચૂકી છે. તાજેતરમાં જ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ ગયેલા તેના વરિષ્ઠ નેતા અજય કપૂર કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ ગયા હતા.

સૌરાષ્ટ્ર આજતક

# રાજકોટમાં આગામી મે માસથી ૫૫ નવી સી.એન.જી. સિટી બસ દોડશે

## ધૂમાડા ઓકતી તમામ ડિઝલ બસ નોનયુઝ કરાશે, નવી ૧૦૦ ઈલેક્ટ્રિક બસ આવશે



રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરભરમાં સીટીબસ દોડાવવામાં આવી રહી છે. જેમાં ૫૫ બસ આજે પણ ડીઝલ સંચાલીત હોય પ્રદૂષણમાં વધારો કરી રહી છે. આથી સરકાર પાસે ઈલેક્ટ્રીક અને સીએનજી બસ માંગવામાં આવેલ જે અંતર્ગત હાલ ૭૫ ઈલેક્ટ્રીક બસ શહેરમાં દોડીરહી છે અને હવે ખખડધજ ૫૫ બસના સ્થાને આગામી મે મહિનાથી નવી સીએનજી બસ દોડાવવામાં આવશે. તેમ મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલે જણાવ્યું છે.

આનંદ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી યોજના અંતર્ગત મહાનગરપાલિકાની સરકાર વધુ ૧૦૦ ઈલેક્ટ્રીક બસ ફાળવશે જે જૂલાઈ માસ સુધીમાં આવી જશે. પરંતુ હાલમાં શહેરમાં દોડતી ખખડધજ ડિઝલ બસના સ્થાને સીએનજી બસ દોડાવવા સરકાર પાસે બસ માંગવામાં આવેલ જે મંજુર થઈ જતાં એક સપ્તાહમાં પ્રથમ ૨૫ સીએનજી બસ ફાળવવામાં આવશે. ત્યાર બાદ વધારાની ૭૫ સીએનજી બસ આવશે આથી મે માસ દરમિયાન ૫૫ ડિઝલ બસ સામે સીએનજી બસ ચાલુ કરવામાં આવશે. હાલ બીઆરટીએસ રૂટ ઉપર અને શહેરના અન્ય રૂટ ઉપર ૭૫ ઈલેક્ટ્રીક બસ દોડી રહી છે. પ્રદૂષણની માત્રા ઓછી કરવા માટે તમામ સીટીબસ સીએનજી અને ઈલેક્ટ્રીક સંચાલીત કરવામાં આવશે. હાલમાં દોડતી ૨૦૦ ઉપરાંત વધારાની જે બસ આવશે તેના માટે જે વિસ્તારોમાંથી સીટીબસની ડિમાન્ડ કરવામાં આવી છે તેવા વિસ્તારોને પ્રાયોરીટી આપી નવા રૂટ શરૂ કરવામાં આવશે. હાલ પ્રધાનમંત્રી યોજના અંતર્ગત ૧૦૦ ઈલેક્ટ્રીક બસ અને ૧૦૦ સીએનજી બસ રાજકોટ મહાનગરપાલિકાને ફાળવવામાં આવનાર છે. જેના લીધે સંભવત જૂલાઈ માસ સુધીમાં સંપૂર્ણપણે સીટીબસ ડિઝલ સંચાલિતમાંથી મુક્ત થઈ જશે જેના કારણે પર્યાવરણને પણ મોટો ફાયદો થશે. પ્રથમ ૨૫ સીએનજી બસ આવશે જે ડિઝલ બસ સામે મુકાશે ત્યાર બાદ વધુ ૩૦ સીએનજી બસને પણ જૂની બસના સ્થાને મુકવામાં આવશે. સીએનજી બસના ફ્યુઅલ માટે શહેરમાં અનેક જગ્યાએ પંપ કાર્યરત છે.

તેથી ઈલેક્ટ્રીક બસ કરતા સીએનજી બસને ફ્યુલ ચાર્જ માટે ઓછો સમય લાગશે. છતાં સરકાર દ્વારા આમ તમામ બસ ફાળવવામાં આવે ત્યાર બાદ અમુક બસ સ્પેરમાં રાખવામાં આવશે. જે જરૂરત પડ્યે નવા રૂટ અથવા જે રૂટ બસ રિપેરીંગના કારણે બંધ થયા હોય ત્યા દોડાવવામાં આવશે.

# રાજકોટનાં બહુમાળી ભવન ચોક ખાતે કલાકારોએ લોકોને મતદાન કરવા પ્રેરિત કરતા ચિત્રો બનાવ્યા



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

આગામી લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ઠેર-ઠેર મતદાન જાગૃતિ માટેના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે ગત મોડીરાત્રે ચિત્રનગરીના કલાકારોએ પણ બહુમાળી ભવન વિસ્તારમાં 'મતદાન જાગૃતિ અભિયાન'નું આયોજન કર્યું હતું. જેમાં બહુમાળી ચોક ખાતે લોકોને મતદાન કરવા પ્રેરિત કરતા ચિત્રો બનાવાયા હતા. આ ચિત્રો લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.પ્રાપ્ત વિગત મુજબ લોકશાહીના અવસરમાં દેશના વિવિધ વિસ્તારોમાં મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત જુદી-જુદી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. તેવામાં રાજકોટના બહુમાળી ભવન વિસ્તારમાં રસ્તાઓ પર મતદાનની વિવિધ આકૃતિ બનાવી રાજકોટવાસીઓને મતદાન કરવા પ્રેરિત કરાયા હતા. આ તકે રાજકોટના સીનીયર સીટીઝન અને યુવાઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કલાકોની જહેમત બાદ મતદાન જાગૃતિને લગતું વિશાળ ચિત્ર બનાવ્યું હતું. આ ચિત્રને નિહાળી અહીંથી પસાર થતા લોકો કલાકારીની પ્રશંસા કરી રહ્યા છે.

# રાજકોટ પાસેના વાવડી ગામે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો



રાજકોટ,

એસ.જી.વી.પી.ગુરુકુલના અધ્યક્ષ શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણા અને પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં વડતાલ પીઠાધિપતિ ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રામ, શ્યામ, ઘનશ્યામ મહારાજ તેમજ મહાદેવ પરિવાર, હનુમાનજી મહારાજ, ગણપતિદાદાની મૂર્તિપ્રતિષ્ઠા કરવામાંઆવી હતી.

પ્રતિષ્ઠા પૂર્વે મહાવિષ્ણુયાગ કરવામાં આવેલ તેમજ દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય શ્રી રામપ્રિયજી દ્વારા પ્રતિષ્ઠા યજ્ઞમાં આગમ શાસ્ત્ર વિધાન સાથે પ્રતિષ્ઠા ઉપચાર કરવામાં આવેલ.ત્યારબાદ તમામ મૂર્તીઓની વાજતે ગાજતે નગરયાત્રા કાઢવામાં આવેલ જેમાં ૧૦૮ કળશધારી બહેનો, રીબડા ગુરુકુલના વિદ્યાર્થીઓની રાસમંડળી, વાવડી ગામની ધૂનમંડળી, વગેરે જોડાયા હતા.વાવડી ગામમાં હરિમંદિરમાં શ્રી રામ, શ્યામ ઘનશ્યામ મહારાજની ભવ્ય પ્રતિષ્ઠા સાથે, આજના ડિજિટલ યુગમાંની હાનિકારક અસરમાં ઉછરતી નવી પેઢીમાં બાળપણથી બાળકોમાં શારીરિક, માનસિક અને અધ્યાત્મિક વિકાસ થાય તેવા હેતુથી 'પ્રેમપ્રકાશ' જીર્ફ઼ સંસ્કાર કેન્દ્ર અને -સ્કૂલનું પણ આચાર્ય મહારાજના વરદ હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટ, બોરડી વાળા મંદિરથી કોઠારી રાધારમણદાસજી સ્વામી, બાલાજી મંદિરના કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી, વગેરે સંતોએ પ્રાસંગિક પ્રવચનનો લાભ આપ્યો હતો.

# શહેરના વિવિધ એસો. ધ્વારા આયોજિત સ્નેહમિલન કાર્યક્રમમાં પરશોતભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિ



રાજકોટ

શહેરના કણકોટ ખાતે પહલ પાર્ટી પ્લોટ ખાતે કેટરીંગ મંડપ ઈવેન્ટા લાઈટ અને સાઉન્ડ એસોસીએશનના સંયુક્ત ઉપક્રમે એક સ્નેહમિલનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે રાજકોટ લોકસભા–૧૦ના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલ ઉપસ્થિત રહયા હતા.

આ તકે રૂપાલાજીએ એસોસીએશનના સર્વે સભ્યોને શુભકામના પાઠવતા કેન્દ્ર સરકારની વિવિધ વેપાર ઉદ્યોગ સહિતની સ્વરોજગારલક્ષી યોજનાઓની જાણકારી આપી વ્યવસાયના ઉત્કર્ષ માટે લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં કર્ણાટકના પૂર્વ ગર્વનર વજુભાઈ વાળા, રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યાક્ષ ડો. ભરતભાઈ બોઘરા, પૂર્વ મંત્રી અને સહકારી ક્ષેત્રના અગ્રણી દિલીપભાઈ સંઘાણી, ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખ ભંડેરી, તેમજ પરેશભાઈ ગજેરા, વજુભાઈ ગોલ, માવજીભાઈ ગોલ અને વિવિધ એસોસીએશના હોદેદારો કિરીટભાઈ બુધ્ધદેવ, દિપકભાઈ સંઘવી, ચંદ્રેશભાઈ મહેતા, દીપકભાઈ સાવલીયા, જીતુભાઈ પટેલ, મોન્ટુભાઈ પટેલ, અશોકભાઈ લુણાગરીયા, જગદીશભાઈ વોરા, સુરેશભાઈ રૈયાણી, બકુલભાઈ, જીતુભાઈ જોશી, વિજયભાઈ કોરાટ, રાજુભાઈ રંગાણી સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટ ટી મર્ચન્ટ એસો.અને ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ એસો.ની બેઠકમાં રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિ



રાજકોટ

શહેરની ફન હોટલ ખાતે રાજકોટ ટી મર્ચન્ટ એસોસીએશન અને ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ એસોસીએશનના સભ્યોની સંયુક્ત યોજાયેલ બેઠકમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતભાઈ રૂપાલા એ પ્રેરક હાજરી આપી હતી. આ બંને એસોસીએશનને સ્પર્શતા પ્રશ્નો અંગે રૂપાલાજીએ વિધેયાત્મક ચર્ચા કરી હતી. અને વહીવટી તંત્રમાં સરળતા લાવવા માટે સરકાર ધ્વારા હથ ધરાયેલા કામગીરીની વિગત આપી હતી. આ બેઠકમાં કર્ણાટકના પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, સભ્યોશ્રી મનોજભાઈ અનડકટ, ગોપાલભાઈ અનડકટ, દિનેશભાઈ કારીયા, મયંકભાઈ પાઉ, જયેશભાઈ કેસરીયા સહીતના સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટમાં ડો. ભીમરાવ આંબેડકરની ૧૩૩ મી જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ કરતા કોંગ્રેસના આગેવાનો



રાજકોટ,

બંધારણના ઘડવૈયા ડોક્ટર ભીમરાવ આંબેડકર ની ૧૩૩ મી જન્મજયંતિ નિમિત્તે હોસ્પિટલ ચોક ખાતે આંબેડકરની પ્રતિમાને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનો દ્વારા પુષ્પાંજલિ અને ફૂલહાર કરવામાં આવ્યા હતા. જેમાં શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી પ્રભારી ભીખુભાઈ વારોતરીયા, બિપેન્દ્રસિંહ જાડેજા, વશરામભાઈ સાગઠીયા, ગાયત્રીબા વાઘેલા, સંજયભાઈ અજુડીયા, દીપ્તિબેન સોલંકી, જશવંતસિંહ જશવંતસિંહ ભટ્ટી, સુરેશભાઈ બથવાર, હિતેશભાઈ વોરા, મેઘજીભાઈ રાઠોડ, મેરૂમબેન કુરેશી, મનસુખભાઈ કાલરીયા, હરેશભાઈ પરમાર, મનીષાબા વાળા, ગૌરવભાઈ પુજારા, દિલીપભાઈ આસવાણી, પુનમબેન રાજપૂત, ઠાકરશી ગજેરા, ડી.પી.મકવાણા, પ્રભાતભાઈ ડાંગર સહિતના કોંગી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ મનપામાં એક સપ્તાહમાં જ રૂ. ૨૧.૬૧ કરોડનાં વેરાની વસુલાત

## ઓફલાઈન જ ૪.૮૨ કરોડનો વેરો ભરાયો : ૩૯૦૫૭ કરદાતાઓએ વેરો ભરપાઈ કર્યો



રાજકોટ,

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા છેલ્લા કેટલાંક મહિનાઓથી બાકી વેરાની વસુલાત ખાટે વ્યાપક ઝુંબેશ ચાલી રહી છે. વેરા વસુલાત શાખા દ્વારા ડોર ટુ ડોર કડક વસુલાત કામગીરી થઈ રહી છે. ત્યારે છેલ્લા એક સપ્તાહ દરમ્યાન વેરા વસુલાત શાખાએ ૩૯૦૫૭ કરદાતાઓ પાસેથી વેરાની જંગી વસુલાત કરી હતી. આ અંગે વેરા વસુલાત શાખાનાં જણાવ્યા મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ મિલ્કતવેરો તથા પાણી વેરાની ભરપાઈ કરવા માટે તા.૮-૪ના રોજ વેરો વસુલવાની કામગીરી શરૂ થયેલ છે. જેમા તા.૧૫-૪ના બપોરે ૧:૦૦ સુધીમાં ૩૯૦૫૭ કરદાતાઓ દ્વારા કુલ ૨૧.૬૧ કરોડ જેટલા વેરાની ભરપાઈ કરેલ છે. જેમાં ઓફ લાઈન(કેશ તથા ચેક) વેરો ૪.૮૨ કરોડ અને ઓન લાઈન વેરો ૧૬.૭૯ કરોડની ભરપાઈ થયેલ છે.

# દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે નરેન્દ્રભાઈ મોદીને ત્રીજી ટર્મમાં ચૂંટવા કટીબધ્ધ થઈએ : પરશોતભાઈ રૂપાલા

## રાજકોટ ખાતે રહેતા અમરેલી જિલ્લાના વતની એવા વિવિધ સમાજનો પરશોતમભાઈ રૂપાલાને વ્યાપક સમર્થન




રાજકોટ

શહેરના નવા રીંગ રોડ સ્થિત દિવાળી બાગ પાર્ટી પ્લોટ લોન્જ ખાતે રાજકોટ ખાતે ધંધા–વ્યવસાય અર્થે રહેતા અમરેલી જિલ્લાના વતની એવા વિવિધ સમાજ–જ્ઞાતિઓનો સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સ્નેહમિલન કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના વતની અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાનું સન્માન અને મોટી લીડથી ચૂંટી કાઢવા સમર્થન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી અને સહકારી અગ્રણી તેમજ રાષ્ટ્રીય ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ દેશના લોકલાડીલા અને યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને ત્રીજી ટર્મમાં દેશનું સુકાન સંભાળે અને તેમના હાથ મજબૂત કરવા આપણા અમરેલીના સપુત અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા જંગી લીડથી ચૂંટાય અને તે માટે સામુહિક પ્રયાસો કરવા જણાવેલ હતું.

પરશોતમભાઈ રૂપાલાએ સ્નેહમિલનના કાર્યક્રમમાં સૌને શુભકામના પાઠવતા જણાવેલ કે રાજકોટ જિલ્લાના લોકોનો સુખ–દુઃખનો સાથીદાર બનવા આવ્યો છુ. ભાજપના એક કાર્યકર્તા તરકે મને સહકાર આપશો અને અપાવશો. વધુમાં તેઓએ જણાવેલ કે અગાઉ કેન્દ્રમાં કોંગ્રેસની યુપીઆઈ સરકારમાં વિકાસની કોઈ વાત જ ન હતી.જયાર આપણા યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્રમાં દશ વર્ષ સુશાસન અને પારદર્શક વહીવટ આપીને દેશના વિકાસને એક નવી ઉંચાઈ બક્ષી છે. આ તકે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, વિધાનસભાના દંડક કૌશિકભાઈ, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યાક્ષ ડો. ભરતભાઈ બોઘરા, શહેર ભાજપ મહામંત્રી ડો. માધવ દવે, ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખ ભંડેરી, પૂર્વ મેયર ડો. પ્રદિપભાઈ ડવ, રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવીણાબેન રંગાણી, તેમજ ગીરીશભાઈ ભીમાણી, ચતુરભાઈ સોરઠીયા, ગુણવંતભાઈ ભાદાણી, દિલીપભાઈ પટેલ, કાન્તીભાઈ સોરઠીયા, માવજીભાઈ ગોલ, ડો વી.બી. ભેસદડીયા સહીતના ઉપસ્થિત રહયા હતા.

# વિધાનસભા-૭૧ ના મધ્યસ્થ કાર્યાલયનું ભવ્ય ઉદઘાટન યોજાયું : માર્ગદર્શન આપતા પરશોતમભાઈ રૂપાલા

## મુકેશભાઈ દોશી, ભાનુબેન બાબરીયા, આર.સી. ફળદુ સહીતના અગ્રણીઓએ પ્રાસંગિક ઉદબોધન ધ્વારા પરશોતભાઈ રૂપાલાજીને ઐતિહાસિક જીતથી વિજયી બનાવવા આહવાન કર્યુ



રાજકોટ

ભાજપ દ્વારા શહેરની ચારેય વિધાનસભા મત વિસ્તારમાં સઘન ચૂંટણીલક્ષી કામગીરી અને સંગઠનને વધુ સુદૃઢ કરી પ્રચાર-પ્રસાર કાર્ય અને લોકસંપર્કને વધુ વેગવંતો બનાવવા વિધાનસભા વાઈઝ કાર્યાલય કાર્યરત કરવામાં આવનાર હોય તે અંતર્ગત વિધાનસભા-૭૧ના ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયનું ભવ્ય ઉદઘાટન કરવામાં આવેલ હતું. આ તકે સ્વાગત પ્રવચન શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ કર્યુ હતું.

આ તકે રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ ડો. બાબાસાહેબ આંબેડકરજીની જન્મજયંતિ અંતર્ગત તમને શ્રધ્ધાંજલી અર્પણ કરતા જણાવેલ કે નરેન્દ્રભાઈ મોદી પ્રથમ વખત વડાપ્રધાન બન્યા ત્યારે તેમણે ડો. બાબાસાહેબ આંબેડકરજીને બંધારણમાં બક્ષેલ સામાજિક સમરસતા, નાગરિકોને ન્યાય અને સરકારની વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના માનવીને મળે તેના માટે અમલવારી કરી છે.

આ તકે પૂર્વ મંત્રી આર.સી. ફળદુએ જણાવેલ કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દશ વર્ષના શાસનકાળમાં દેશ એ વિકાસની હરણફાળ ભરી છે. લોકોની સુખાકારી અને સગવડતામાં વધારો થયો છે.આ તકે પરશોતભાઈ રૂપાલાએ જણાવેલકે ચૂંટણી વ્યવસ્થાના ભાગરૂપે આપણે કાર્યાલયો શરૂ કરવાની પાર્ટીની પધ્ધતી છે. આ લોકસભાની ચૂંટણીમાં ભાજપનો ઐતિહાસિક વિજય થાય અને નરેન્દ્રભાઈ મોદી ત્રીજી ટર્મમાં વડાપ્રધાન બને તે માટ કાર્યકર્તાઓને સહિયારો પુરૂષાર્થ કરવા આહવાન કરેલ. ત્યારે આજથી તા. ૭ મી મે મતદાનની તારીખ સુધી સંપૂર્ણ સક્રિયતા દાખવીને તમામ મતદાતાઓને મતદાન મથક સુધી પહોંચવા માટે અને સો ટકા મતદાન થાય તેવા પ્રયાસો કરવા માર્ગદર્શન આપેલ.

આ તકે રૂપાલાજીએ ડો. બાબાસાહેબ આંબેડકરજીને જન્મજયંતિ પ્રસંગે સ્મરાંજલી અર્પી હતી. આ કાર્યક્રમનુંસમગ્ર સંચાલન ડો. પ્રદિપ ડવએ કરેલ. અંતે આભારવિધિ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાએ કરેલ. આ તકે સાંસદ મોહનભાઈ કુંડારિયા, રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ડો.ભરતભાઈ બોઘરા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શીતાબેન શાહ, મેયર નયનાબેન પેઢડીયા, જીલ્લા ભાજપ મહામંત્રી હરેશભાઈ હેરમા, નરેન્દ્રસિહ જાડેજા, ગુજરાત મ્યુ.ફાઈનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખ ભંડેરી, પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, પૂર્વ મેયર ડો. પ્રદિપ ડવ, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, તેમજ લીલબેન જાદવ, મનીષભાઈ રાડીયા, નાગદાનભાઈ ચાવડા, મનહરભાઈ બાબરીયા, રમેશભાઈ લાઠીયા, રમેશભાઈ પાંભર, ચમનભાઈ સીંધવ, વિજયભાઈ કોરાટ, દિનેશ ચાપાણી, શંભુભાઈ પરસાણા, ઘનશ્યામભાઈ હેરભા, જયેશભાઈ બોઘરા, હીતેશ ઢોલરીયા, શંકરગીરી બાપુ, રાકેશગીરી બાપુ, નરેન્દ્રસિંહ જાડેજા(ટીકુભા), ચેતનભાઈ રામાણી, વોર્ડના પ્રમુખ, મહામંત્રી, પ્રભારી, જીલ્લા પંચાયતના સભ્યો, રાજકોટ, લોધીકા, કોટડા સાંગાણી તાલુકા પંચાયતના પ્રમુખો, મહિલા મોરચા સહિત વિવિધ મોરચાના હોદેદારો અને મોટી સંખ્યામાં ગ્રામ્ય, શહેર વિસ્તારના લોકો ઉપસ્થિત રહયા હતા.

# જામનગર નજીક ધુતારપર ગામે માતાએ ત્રણ સંતાનો સાથે કર્યો સામૂહિક આપઘાત

## મૃતકને પીયર જવાની પતિએ ના પાડતા ત્રણેય સંતાનોને કૂવામાં ફેંકી પોતે પણ ઝંપલાવી દીધું : માતા સામે હત્યાનો ગુનો નોંધાયો









તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર તાલુકાના ધુતારપર ગામે ગઈકાલે કરૂણાંતિકા સર્જાઈ હતી. જેમાં સગી જનેતાએ ત્રણ બાળકોને કૂવામાં ફેંકી પોતે પણ ઝંપલાવી આપઘાત કરી લેતાં અરેરાટી ફેલાઈ જવા પામી છે. પતિએ પિયર જવાની ના પાડતાં આ પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.

આ બનાવની પ્રાપ્ત વિગત એવી છે કે, મૂળ મધ્યપ્રદેશની વતની અને હાલ જામનગર તાલુકાના ધુતારપર ગામે એક વાડીમાં રહીને ખેતમજૂરી કામ કરતી ધનુબેન ઉર્ફે સંગીતાબેન કમલેશભાઈ મીનવા નામની ૨૬ વર્ષીય પરીણિતાને પોતાને પીયર જવું હોય, પરંતુ પતિ કમલેશભાઈએ એવું કહેલ કે, હાલ જીરાનો પાક ઉભો છે. જેનો હિસાબ પતી જાય પછી પીયર જવાનું કહયું હતું. જેને લઈ સંગીતાબેનને લાગી આવ્યું હતું. તેથી ગઈકાલે તેણીએ પોતાના ત્રણ સંતાનો પુત્રી મમતા (ઉ.વ.૬), પુત્રી અંજલિ (ઉ.વ. ૩) તેમજ નવ વર્ષનો પુત્ર સોહનને વારાફરતી કૂવામાં ફેંકી દીધા હતા અને ત્યારબાદ તેણીએ પણ કૂવામાં ઝંપલાવી દીધું હતું. આથી ચારેયના ડૂબી જવાથી મૃત્યુ નિપજયા હતા. દરમ્યાન આ બનાવની મૃતકના પતિની બહેનએ જાણ તેમના ભાઈને કરતાં તેઓએ ફાયરબ્રિગેડને જાણ કરી હતી. જેને લઈ ફાયર તથા પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને વારાફરતી ચારેયના મૃતદેહનો બહાર કાઢયા હતા. આ બનાવ અંગે મૃતક સંગીતાબેનના પતિ કમલેશ જ્ઞાનસિંહ મિનવાની ફરિયાદના આધારે મૃતક ધનુબેન ઉર્ફે સંગીતાબેન સામે હત્યાની કલમ ૩૦૨ મુજબ ગુનો નોંધ્યો છે. આ સમગ્ર બનાવ અંગે પંચકોશી એ ડિવિઝનના પીએસઆઈ એ. કે. પટેલ વધુ તપાસ ચલાવી રહયા છે.

## જામનગરમાં યુવાનની જમીન પચાવી પાડનાર પિતા-પુત્ર સહિત ત્રણ સામે લેન્ડ ગ્રેબિંગ ગુનો નોંધાયો

જામનગર : જામનગરમાં ગુલાબ નગર નજીક રવિ પાર્ક વિસ્તારમાં રહેતા એક યુવાનનો પ્લોટ પિતા-પુત્ર સહિતના ત્રણ શખ્સોએ ગેરકાયદે કબજો જમાવી પચાવી પાડ્યો હોવાથી તેની સામે લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે,

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ગુલાબ નગર નજીક રવિ પાક વિસ્તારમાં રહેતા સબીરભાઈ બશિરભાઈ ખફી નામના ૩૨ વર્ષના સુમરા યુવાનનો રવિ પાર્ક વિસ્તારમાં પોતાની માલિકીનો પ્લોટ આવેલો છે, જે ગુલાબ નગર નજીક શિવનગરમાં રહેતા હનીફ માડકિયા અને તેના પુત્રો આરીફ માડકીયા અને વારીશ માડકીયાએ પચાવી પાડ્યો હોય અને તેમાં ગેરકાયદે કબજો કરી લીધો હોવાથી જામનગરના જિલ્લા કલેકટરમાં લેન્ડગ્રેબીંગ અંગે અરજી કરવામાં આવી હતી.

જે અરજીની તપાસ પોલીસને સોંપવામાં આવી હતી, અને સીટી બી. ડિવિઝન પોલીસ દ્વારા ઉપરોક્ત જમીન અંગેની ખરાઈ કરાતાં ઉપરોક્ત જમીનમાં ગેરકાયદે પેશકદમી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું, જેનો રિપોર્ટ તૈયાર કરીને જિલ્લા પોલીસ વડાને આપ્યા પછી જિલ્લા સમાહર્તા સમક્ષ પરત મોકલાવ્યો હતો, જે રિપોર્ટના અનુસંધાને જિલ્લા કલેક્ટર દ્વારા આ મામલે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધવા માટેનો આદેશ કરાયો હતો, જે આદેશ અનુસાર જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં સબીરભાઈ બસીરભાઈ ખફીની ફરિયાદના આધારે ત્રણેય આરોપી પિતા-પુત્ર સહિત ત્રણ સામે લેન્ડગ્રેબીંગ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે, અને પોલીસ દ્વારા શહેર વિભાગના ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા દ્વારા સમગ્ર મામલે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરાઈ છે.

## જામનગર નજીક ચેલા ગામે બાઈક સ્લીપ થતાં યુવાનનું મોત

જામનગર : જામનગર-લાલપુર ધોરી માર્ગ પર ચેલા ગામના પાટીયા પાસે બાઈક સ્લીપ થઈ જવાના કારણે બાઈક ચાલક પરપ્રાંતીય યુવાનનું ગંભીર ઈજા થઈ હોવાથી કરૂણ મૃત્યુ નીપજયું છે.

આ બનાવની વિગત એવી છે કે મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ દરેડ જી.આઈ.ડી.સી. માં રહેતા અને મજૂરી કામ કરતા કૈલાશ બ્રિજમોહનભાઈ નીશાદ નામના ૫૦ વર્ષના પરપ્રાંતીય શ્રમિક કે જેઓ ગઈકાલે પોતાનું બાઈક લઈને જામનગર લાલપુર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા.

જે દરમિયાન ચેલા ગામના પાટીયા પાસે તેઓનું બાઈક સ્લીપ થઈ જતાં હેમરેજ સહિતની ગંભીર ઈજા થઈ હતી, અને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં સારવાર દરમિયાન ગઈકાલે તેઓનું મૃત્યુ નિપજ્યું છે. જે મામલે પંચકોશી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસેક હેડકોન્સ્ટેબલ એસ.એસ. જાડેજા વધુ તપાસ ચલાવે છે.

## ખંભાળિયા નજીક દેવળિયા પાસે રિક્ષા છકડો પલ્ટી જતાં ચાલકનો ભોગ લેવાયો

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના દેવળિયા પાસે ગઈકાલે પુરઝડપે જઈ રહેલ એક રિક્ષા છકડો અચાનક પલ્ટી મારી ગયો હતો. જેથી તેના ચાલકને ગંભીર ઈજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજયું હતું.

ખંભાળિયા-જામનગર ધોરીમાર્ગ પર અત્રેથી આશરે ૧૫ કિલોમીટર દૂર કજૂરડાથી દેવળિયા ગામ તરફ જતા માર્ગે એક રીક્ષા છકડો લઈને જઈ રહેલા મહેશભાઈ કિશોરભાઈ મકવાણા નામના ૪૩ વર્ષના યુવાને પોતાનો રીક્ષા પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા તેણે રીક્ષા પરનો કાબુ ગુમાવી દીધો હતો. જેના કારણે રીક્ષા છકડો પલટી ખાઈ ગયો હતો.

આ અકસ્માતમાં મહેશભાઈ મકવાણાને શરીરના જુદા-જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે અન્ય રીક્ષા સવાર મુસાફરોને નાની મોટી ઈજાઓ થતા હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. આ બનાવ અંગે સંજયભાઈ જયંતીભાઈ મકવાણા (રહે. સિક્કા પાટિયા) ની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે મૃતક છકડા રીક્ષા ચાલક મહેશભાઈ કિશોરભાઈ મકવાણા સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી પી.એસ.આઈ. વી.બી. પીઠીયાએ હાથ ધરી છે.

## ખાવડીમાં ક્રેઈન હેઠળ દબાઈ જતા શ્રમિકનું મોત

જામનગર : જામનગર નજીક મોટી ખાવડી વિસ્તારમાં રિવર્સમાં આવી રહેલી ક્રેઈનના ટાયર નીચે દબાઈ જવાના કારણે પરપ્રાંતિય શ્રમિક યુવાનનું ગંભીર ઈજા થવાથી કરુણ મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે મૂળ પંજાબના ગુરૂદાસપુરના વતની અને હાલ જામનગર નજીક મોટી ખાવડી વિસ્તારમાં મજૂરી કામ કરતા બલરાજસિંઘ ગુરૂબક્ષસિંઘ નામના પરપ્રાંતિય યુવાનને રિવર્સમાં આવી રહેલી જી.જે ૧૦ એ.આર ૨૬૧૪ નંબરની ક્રેઈનના ચાલકે ટાયર નીચે ચગદી નાખતાં ગંભીર ઈજા થવાના કારણે તેમનું બનાવના અથળે જ કરુણ મૃત્યુ નીપજ્યું છે. આ બનાવ અંગે મૃતકના સંબંધી કુલવીંદરસિંઘ સુલખાનસિંઘ પંજાબીએ મેઘપર પોલીસને જાણ કરતાં મૃતદેહનો કબ્જો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે, જ્યારે ક્રેઈનના ચાલક સામે ગુનો નોંધ્યો છે.

## જામનગરના પોશ વિસ્તાર વાલકેશ્વરી નગરીમાં ચાલતુ મહિલા સંચાલિત જુગારધામ પકડાયું

### મકાનમાલિક મહિલા સહિત ૭ મહિલાઓ જુગાર રમતાં ઝડપાઈ

જામનગર : જામનગરમાં વાલ્કેશ્વરી નગરી જેવા પોશ વિસ્તારમાં એક મહિલા સંચાલિત જુગાર ધામ પર સિટી બી ડિવિઝન પોલીસે દરોડો પાડી ગંજીપાના વડે જુગાર રમી રહેલી સાત મહિલાઓની અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રકમ તેમજ જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

જામનગરમાં વાલ્કેશ્વરી નગરી વિસ્તારમાં આદર્શ રેસિડેન્સીના ફ્લેટ નંબર ૪૦૨માં રહેતી સોનલબેન જયેશભાઈ બોડા નામની મહિલા દ્વારા પોતાના ફ્લેટમાં બહારથી અન્ય સ્ત્રીઓને એકત્ર કરીને જુગારધામ ચલાવાઈ રહ્યું છે તેવી બાતમી સીટી બી ડિવિઝનના પોલીસ સ્ટાફને મળી હતી. જેથી ગઈકાલે સાંજે ઉપરોક્ત ફ્લેટ પર દરોડો પાડ્યો હતો. જ્યાં મકાનમાલિક સહિત સાત મહિલાઓ ગંજીપાના વડે જુગાર રમતાં મળી આવી હતી. આથી પોલીસે મકાનમાલિક સોનલબેન જયેશભાઈ બોડા ઉપરાંત ભાવનાબેન કિરીટભાઈ માલમ, રેખાબેન ચુનીલાલ ગોરેચા, મનીષાબેન પ્રતાપભાઈ હરવરા, રીટાબેન વેણીલાલ પરમાર, સકરબેન મામદભાઈ પૂંજાણી, સવિતાબેન માલદેભાઈ નંદાણીયા વગેરેની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૫,૫૦૦ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

## ધ્રોલ નજીક ચાલુ કારમાં આઈપીએલના મેચ પર સટ્ટો રમી રહેલા ત્રણ શખ્સો ઝડપાયા

### રોકડ રકમ-કાર-મોબાઈલ ફોન સહિત ૧૫.૨૨ લાખની માલમતા કબજે : ક્રિકેટની આઈડી આપનાર મુખ્ય બુકી અને પન્ટર સહિત ૬ને ફરારી જાહેર કરાયા

જામનગર : જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર ચાલુ કારમાં કેટલાક સટ્ટાખોરો દ્વારા આઈ.પી.એલ. ની ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડવામાં આવી રહ્યો છે, તેવી ચોક્કસ બાતમીના આધારે પોલીસે ધ્રોલ નજીક વોચ ગોઠવી એક કારમાં ક્રિકેટનો સટ્ટો રમાડી રહેલા ત્રણ શખ્સોની અટકાયત કરી લઈ રોકડ મોબાઈલ સહિત ૧૫.૨૨ લાખની માલમત્તા કબજે કરી છે, જયારે ક્રિકેટની આઈડી આપનાર મુખ્ય બુકી તથા પન્ટર સહિત અન્ય ૬ને ફરારી જાહેર કરાયા છે.

આ દરોડાની વિગત એવી છે કે જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે કેટલાક ક્રિકેટના સટ્ટાખોરોએ નવતર પ્રકારે ક્રિકેટનો જુગાર રમાડવાનું ચાલુ કર્યું છે, અને જામનગર રાજકોટ ધોરી માર્ગ પર ચાલુ કારમાં મોબાઈલની આઈડી મારફતે ક્રિકેટનો સટ્ટો રમાડી રહ્યા છે, તેવી બાતમીના આધારે ધ્રોલ હાઈવે રોડ વોચ ગોઠવી હતી. જે દરમિયાન એક ફોર્ચ્યુન કાર ત્યાંથી પસાર થતાં સોયલ ટોલ નાકા નજીકના વિસ્તારમાં કારને આંતરી તેની તલાસી લીધી હતી. જે દરમિયાન કારની અંદર જામનગર અને મીઠાપુર સૂરજ કરાડીના ત્રણ શખ્સો પોતાના મોબાઈલ ફોનની આઈડી મારફતે આઈ.પી.એલ.ની રાજસ્થાન રોયલ અને પંજાબ કિંગ્સ ઈલેવનની ટીમ વચ્ચેની ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રહેલા મળી આવ્યા હતા.

આથી પોલીસે કારમાં બેઠેલા જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં રહેતા પ્રવીણ રામજીભાઈ મકવાણા, સુરજ કરાડી- મીઠાપુરમાં રહેતા ટ્રાન્સપોર્ટના ધંધાથી હાર્દિક અશોકભાઈ પોપટ, અને સૂરજ કરારીના પ્રવીણ રાજપાળભા માણેક સહિત ૩ શખ્સોની અટકાયત કરી લીધી હતી, અને તેઓ પાસેથી મોબાઈલ ફોન-કાર તેમજ રૂપિયા ૭,૨૦૦ ની રોકડ રકમ સહિત ૧૫,૨૨,૨૦૦ માલમતા કબજે કરી લીધી છે. પોલીસની વધુ પૂછપરછ દરમિયાન તેણે રાજકોટના વિર ઉર્ફે વિરુ ઝાલા પાસે ક્રિકેટની આઈડી મેળવી હોવાથી રાજકોટના વીરુ ઝાલાને ફરારી જાહેર કરાયો છે. ઉપરાંત ત્રણેય શખ્સો દ્વારકા રાજકોટ અને અમદાવાદના કેટલાક પન્ટરો સાથે ક્રિકેટનો સટ્ટો રમતા હોવાથી મીઠાપુરના જીલ, રાજકોટના જય, મીઠાપુરના પ્રતિપાલ, ઉપરાત મીઠાપુરના સાકિર શેખ અને અમદાવાદના શિવલો વગેરે સહિત ફૂલ ૬ ને ફરારી જાહેર કરાયા છે.

## કાળીયા ઠાકોરને ચાંદીના આયુધ અર્પણ કરાયા



તસવીર: રાકેશ સામાણી

ખંભાળિયા : ભગવાન દ્વારકાધીશને ગઈકાલે રવિવારે સાંજે દ્વારકાધીશના ઉથાપન સમયે રાજકોટના ભાવિક પરિવારના યોગેશભાઈ ભીખુભાઈ દેથરીયા પરિવાર દ્વારા ચાંદીથી બનાવેલા શંખ, ચક્ર, ગદા અને પદ્મ અર્પણ કરવામાં આવ્યા હતા.

શ્રદ્ધાળુ દાતા પરિવારએ ભગવાન બલદેવજીને પણ શંખ, ચક્ર અને ગદા અર્પણ કર્યા હતા.

## ખંભાળિયા અને ભાણવડ પંથકમાં ગાજવીજ સાથે વરસાદ



તસવીર: રાકેશ સામાણી

ખંભાળિયા : હવામાન વિભાગની આગાહી મુજબ ગઈકાલે રવિવારે બાદ દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. અને ખંભાળિયા તથા ભાણવડ પંથકમાં કમોસમી વરસાદ વરસ્યો હતો.

ખંભાળિયા તાલુકાના ભાણવડ માર્ગ પર આવેલા મોટી ખોખરી, ભાણખોખરી સહિતના ગામોમાં રવિવારે બપોરે કમોસમી વરસાદી ઝાપટા વરસ્યા હતા. આ પછી આશરે ત્રણેક વાગ્યે ભાણવડ તાલુકામાં પણ વાતાવરણ પલટાયું હતું. તેઝ ફૂંકાતા પવનો સાથે ભાણવડ તાલુકાના ગુંદા ગામે કમોસમી વરસાદ ખાબક્યો હતો. જેના પગલે ગુંદા ગામના રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. આ ઉપરાંત અન્ય વિસ્તારોમાં પણ ભારે પવન સાથે વરસાદના કારણે થોડો સમય ભયનો માહોલ પ્રસરી ગયો હતો. કેટલાક વાડી વિસ્તારમાં કરા પણ વરસ્યા હતા. જો કે કમોસમી વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

## ધ્રોલના લતીપુર ગામેં જમીન પચાવી પાડવા અને ખોટું સોગંદનામુ કરનાર પુત્રી અને વકીલ સામે ફોજદારી

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોળ તાલુકાના લતીપર ગામમાં આવેલી એક મહિલાની જમીન કે જેનું ખોટું સોગંધનામું તૈયાર કરી જમીનનો કબ્જો કરવા માટે ધ્રોલની મામલતદાર કચેરીમાં રજૂ કરનાર સાવકી પુત્રી અને ધ્રોળના એક વકીલ સામે ફરિયાદ નોંધાવાતાં ભારે ચકચાર જાગી છે.

આ બનાવની વિગત એવી છે કે, ધ્રોલ તાલુકાના લતીપુરમાં આવેલી એક જમીન કે જેની માલિકી જોડિયા તાલુકાના ભાદરા ગામમાં રહેતા મધુબેન ઉર્ફે અરુણાબેન વિનોદભાઈ ભંડેરીની માલિકીની છે, તે જગ્યાનો કબજો કરી લેવા માટે તેમજ તે જમીનમાં મધુબેનનો હક જતો કરવા માટેનું ખોટું સોગંદનામું તેની સાવકી પુત્રી જામનગરમાં રહેતી દર્શિતાબેન વિનોદભાઈ ભંડેરી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ધ્રોળના એડવોકેટ જતીન એચ. અનડકટ દ્વારા નોટરી કરીને મામલતદારની કચેરીમાં રજૂ કર્યું હતું.

તપાસ દરમિયાન મધુબેનને પોતાના નામનું ખોટું સોગંધનામું થયું હોવાનું માલુમ પડતાં ધ્રોળ મામલતદાર કચેરીનો સંપર્ક સાધ્યો હતો, અને ત્યારબાદ ધ્રોલ પોલીસ મથકમાં પોતાની પુત્રી દર્શીતા ભંડેરી અને તેમાં મદદગારી કરનાર એડવોકેટ ધ્રોળના જતીન એચ અનડકટ સામે ફરિયાદ નોંધાવતાં ધ્રોળ પોલીસે વકીલ સહિત બંને આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ફરિયાદને લઈ વકીલ મંડળમાં ભારે ચકચાર જાગી છે.

## ખંભાળિયાના નાના આસોટા ગામે સગાઈ નહીં થતાં યુવાને જીવન ટૂંકાવ્યું

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના નાના આસોટા ગામે રહેતા એક યુવાનની સગાઈ થતી ન હોય જેથી તેમને લાગી આવતા ઝેરી દવા પી લઈ આપઘાત કરી લીધાનો બનાવ પોલીસમાં નોંધાયો છે. ખંભાળિયા તાલુકાના નાના આસોટા ગામે રહેતા ભાવિનભાઈ રામાભાઈ રામાવત નામના ૨૫ વર્ષના યુવાને ગત તા. ૧૨ ના રોજ મગફળીના પાકમાં છાંટવાની ઝેરી દવા પી લેતા તેમને ગંભીર હાલતના સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

મૃતક ભાવિનભાઈની સગાઈ થતી ન હોવાથી તેણે આ પગલું ભર્યું હોવા અંગેની જાણ હેમતભાઈ જાનકીદાસ રામાવત (ઉ.વ. ૪૨, રહે. નાના આસોટા) એ અહીંની પોલીસને કરી છે. જે અંગે પોલીસે જરૂરી નોંધ કરી, આગળની કાર્યવાહી કરી હતી.

## જામજોધપુરના હોથીજી ખડબામાં જાહેરમાં જુગાર રમતા પાંચ પકડાયા

જામનગર : જામજોધપુરના પો.સબ.ઈન્સ એમ.એલ ઓડેદરા તથા પોલીસ સ્ટફને મળેલ ચોક્કસ બાતમીના આધારે હોથીજી ખડબા ગામની સીમમાં દરોડો પાડવામા આવ્યો હતો. આ સમયે જાહેરમાં ગંજીપાના વડે તીનપત્તી રોન પોલીસ નામનો જુગાર રમતા કરશનભાઈ લખાભાઈ હરડાજણી, દીલીપભાઈ ઉર્ફે મુનાભાઈ પ્રભાશંકર વ્યાસ, સવદાસભાઈ દાનાભાઈ બરાઈ , દેવીયાભાઈ જેસાભાઈ મસુરા અને મહેશભાઈ નાથાભાઈ બરાઈને ઝડપી લીધા હતા. પોલીસે જુગારના સ્થળેથી રૂ.૯૬૨૭૦ની રોકડ ઉપરાંત મોબાઈલ ફોન અને વાહન મળી કુલ રૂ.૨,૩૧,૨૭૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## ભાણવડના જંબુસર ગામે પતિ સાથે ઝઘડો થતાં પત્ની કર્યો આપઘાત

ખંભાળિયા : ભાણવડ તાલુકાના જંબુસર ગામે વાડી વિસ્તારમાં રહેતી એક પરીણિતાને તેના પતિ સાથે ઝઘડો થયા બાદ તેણીએ ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી લીધી છે.

ભાણવડ તાલુકાના જંબુસર ગામના વાડી વિસ્તારમાં રહેતા અને મૂળ મધ્ય પ્રદેશના અલીરાજપુર જિલ્લાના જાબર તાલુકાના વતની પ્રભુભાઈ નાનસિંગભાઈ ચૌહાણ નામના શ્રમિક યુવાને હોળીના તહેવારમાં દારૂ પીવા માટે રાખેલા ૫૦૦ રૂપિયા ખોવાઈ જવા બાબતે તેના પત્ની શીલાબેન ઉર્ફે ભુરીબેન પ્રભુભાઈ ચૌહાણ સાથે બોલાચાલી થઈ હતી.

આ બનાવ બાદ ગત તારીખ ૨૪ માર્ચના રોજ શીલાબેન ઉર્ફે પુરીબેન ચૌહાણએ પોતાના હાથે ઝેરી દવા પી લેતા તેણીનું મૃત્યુ નિપજયું હતું. આ બનાવની જાણ મૃતક મહિલાના પતિ પ્રભુભાઈ ચૌહાણએ ભાણવડ પોલીસને કરી છે. જે અંગે ભાણવડ પોલીસે જરૂરી નોંધ કરી છે.

# રાજકોટમાં ફલાઈંગ સ્કાવોડના ચેકિંગમાં ચાર દિવસમાં ૩૨ લાખની રોકડ અને અઢી કરોડનું સોનું ઝડપાયું

## વિદેશી દારૂના ધંધાર્થીઓ ઉપર પણ ધોસ બોલાવવામાં આવી : લાખોનો દારૂ જપ્ત

રાજકોટ,

લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે ચૂંટણી પંચ દ્વારા રાજકોટ શહેર જિલ્લામાં ફલાઈંગ સ્ક્વોડ અને સ્ટેટીક સ્કોવર્ડ કાર્યરત કરી દેવામાં આવી છે ત્યારે ત્રણ દિવસમાં જ વાહન ચેકીંગ દરમિયાન રાજકોટ જિલ્લામાંથી પોણા ત્રણ કરોડની રોકડ અને ગોલ્ડ મળી આવતા ઈક્મટેક્સને જાણ કરવામાં આવી છે. જ્યારે ચૂંટણી પંચના આદેશથી દેશી દારૂના ધંધાર્થીઓ અને વિદેશી દારૂના ધંધાર્થીઓ ઉપર પણ ધોસ બોલાવવામાં આવી છે.

રાજકોટ સહિત ગુજરાતભરમાં આગામી તા. ૭ મે ના રોજ લોકસભાની ચૂંટણી યોજાવાની છે ત્યારે ૧૨ એપ્રીલે ચુંટણી પંચ દ્વારા જાહેરનામું બહાર પાડ્યું હતું. અને તેની સાથે જ રાજકોટ જિલ્લામાં કલેક્ટર પ્રભવ જોશીની સુચનાથી દરેક વિધાનસભામાં ત્રણ-ત્રણ ફલાઈંગ સ્કોવર્ડ અને સ્ટેટીક સ્ક્વોર્ડ કાર્યરત કરી દેવામાં આવી હતી.

રાજકોટ શહેર જિલ્લાને જોડતા હાઈવે પર ચેકપોસ્ટ ઉભી કરી ફલાઈંગ સ્ક્વોર્ડ દ્વારા સઘન વાહન ચેકીંગ શરૂ કર્યુ છે. ત્યારે ત્રણ જ દિવસમાં રાજકોટ જિલ્લામાંથી ૨.૭૩.૪૮.૦૦૦નું રોકડ અને ગોલ્ડ મળી આવ્યા હતાં જે સીઝ કરી ઈક્મટેક્સને જાણ કરવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં ધોરાજીમાંથી ૧.૩૭ લાખની રોકડ, ગોંડલમાંથી ૪૦.૬૦ લાખની રોકડ અને ગોલ્ડ, જસદણમાંથી ૪.૮૮ લાખની રોકડ, જેતપુરમાંથી ૩૩.૩૮ લાખની રોકડ અને ગોલ્ડ, રાજકોટ ઈસ્ટમાંથી ૮૪.૬૫ લાખની રોકડ અને ગોલ્ડ, રાજકોટ રૂરલમાંથી ૬૫.૬૧ લાખની રોકડ અને ગોલ્ડ, રાજકોટ સાઉથમાંથી ૬.૪૦ લાખની રોકડ અને ગોલ્ડ તેમજ રાજકોટ વેસ્ટમાંથી ૨૨૮.૭૫ લાખની રોકડ અને ગોલ્ડ મળી આવ્યા હતાં. આમ ત્રણ જ દિવસમાં રાજકોટ જિલ્લામાંથી ૩૨ લાખની રોકડ અને ૨.૫૦ કરોડની કિંમતનું ૩.૬૮૭ કિ.ગ્રા. સોનું મળી આવ્યું છે. આ ઉપરાંત ચૂંટણી પંચના આદેશથી પોલીસ તંત્ર દ્વારા દારૂના ધંધાર્થીઓ સામે પણ કડક ઝુંબેશ હાથ ધરી હતી જેમાં રાજકોટ શહેરમાંથી રૂા. ૧.૨૯.૪૨૦ની કિંમતનો ૬.૪૭૧ લીટર દેશી દારૂ અને રૂા. ૨૩.૩૨ લાખની કિંમતનો ૬.૫૪૦ પોટલ વિદેશી દારૂ તેમજ રાજકોટ જિલ્લામાંથી ૧.૧૩.૨૫૮ની કિંમતનો ૫.૬૬૩ લીટર દેશી દારૂ અને ૧૯.૭૨.૦૦૦ની ક્મિતનો ૬.૫૯૮ બોટલ વિદેશી દારૂ મળી આવતા દારૂનો જથ્થો જપ્ત કરાયો હતો.

# આજે પરશોત્તમ રૂપાલા વિજય મુહૂર્તમાં ઉમેદવારી ફોર્મ ભરશે

**બહુમાળી ભવન ચોક ખાતે વિશાળ 'વિજય વિશ્વાસ' સંમેલન યોજાશે**

**જાગનાથ મંદિરથી રેલી–પદયાત્રાનો પ્રારંભ થશે અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા, બહુમાળી ભવન ચોક ખાતે પૂર્ણ થશે**

**તમામ શ્રેણીના કાર્યકર્તાઓ, શહેરના સામાજિક શ્રેષ્ઠીઓ, વિવિધ સંસ્થાઓના આગેવાનોને ઉમટી પડવા જાહેર અપિલ કરતા મુકેશભાઈ દોશી, અશ્વીનભાઈ મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્ર ઝાલા**





રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વીનભાઈ મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત અખબારી યાદીમાં જણાવાયું છે કે રાજકોટ લોકસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ભારતીય જનતા પાર્ટીના કર્મઠ કાર્યકર્તા અને ખેડૂત આગેવાન આવતીકાલે તા.૧૬ મી એપ્રિલના રોજ બપોરે વિજય મુહુર્તમાં તેમનું નામાંકન ભરશે. ત્યારે આ નામાંકન દિવસે રાજકોટ કમળમય બનશે. ભાજપના કાર્યકર્તાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. રાજકોટમાં સર્વત્ર કેસરીયો માહોલ છવાશે. આ નામાંકન પત્ર પૂર્વે સવારે ૯:૦૦ કલાકે રાજકોટના જાગનાથ મંદિર ખાતેથી રેલી–પદયાત્રા પ્રારંભ થઈ બહુમાળી ભવન ચોક સુધી અનોખુ આયોજન કરવામાં આવેલ હોય, બહુમાળી ભવન ચોક ખાતે પરશોતમભાઈ રૂપાલાજીના સમર્થનમાં શહેર ભાજપ ધ્વારા અદકેરૂ અભિવાદન કરવામાં આવશે જેમાં બહુમાળી ભવન ખાતે ડી.જે– બેન્ડની સુરાવલિઓ, નાસિક બેન્ડ, ઢોલ–નગારા, આતશબાજી, રાસગરબા મંડળી, પાર્ટીનો કેસરીયો ધ્વજ થકી કેસરીયો માહોલ સર્જાશે. આ તકે ૧ હજારથી વધુ મહિલાઓ અને વિવિધ સમાજ–જ્ઞાતિના સમાજના આગેવાનો–પ્રતિનિધિઓ જોડાશે. આ રેલી જાગનાથ મંદિરેથી પ્રારંભ થઈ બહુમાળી ભવન ચોક ખાતે સમાપન થશે. આમ અંતમાં આ ગુજરાતના પનોતા પુત્ર અને દેશના લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત બનાવવા રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને પાંચ લાખથી વધુ લીડથી વિજયી બનાવવા અને વિજય વિશ્વાસ સંમેલનને સફળ બનાવવા શહેર ભાજપના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ, વિવિધ સમાજના આગેવાનો, સામાજિક–શૈક્ષણીક–સેવાકીય સંસ્થાઓના આગેવાનોને આવતીકાલે સવારે ૧૦:૦૦ કલાકે બહુમાળી ભવન ચોક ખાતે વિશાળ સંખ્યામાં ઉમટી પડવા જાહેર અનુરોધ ધરતા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત અખબારી યાદીમાં જણાવાયું છે.

# કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી આજે રાજકોટ આવશે: કાલે ફોર્મ ભરશે

## ખોડલધામથી ચોટીલા સુધી ડઝન ધાર્મિક સ્થાનોએ દર્શન કરશે



રાજકોટ,

રાજકોટ બેઠકના ભાજપ ઉમેદવાર તરીકે પરશોત્તમ રૂપાલાને ટિકિટ ફાળવાયા બાદ તેમની સામે ક્ષત્રિય સમાજનો જબરો વિરોધ ઉઠતા કોંગ્રેસ મોવડી મંડળે રૂપાલા સામે દિગ્ગજ આગેવાન પરેશ ધાનાણીને લડાવવા નિર્ણય લઈ રાજકોટ લોકસભાની બેઠક પર કોંગ્રેસે પરેશ ધાનાણીને ટિકિટ ફાળવતા આ બેઠક હવે રસાકસી જોવા મળશે.રાજકોટ બેઠક માટે કોંગ્રેસ પક્ષ તરફથી પરેશ ધાનાણી જાહેર થતાં જ તેઓ આજે રાજકોટ આવતા વાજતે ગાજતે શાહી છબે સ્વાગત કરવામાં આવશે.

પરેશ ધાનાણી આજે કાગવડ ખોડલધામ ખાતે બપોરે ૩ કલાકે માતા ખોડીયારનાં આશીર્વાદ લઈ ચૂંટણી જંગના એલાનના શ્રી ગણેશ સાથે આગળ વધશે ખોડલધામ બાદ વિરપુર જલારામ મંદિર, દર્શન કરી રાજકોટ પધારતા વાજતે-ગાજતે કોંગ્રેસ આગેવાનો કાર્યકરો સ્વાગત કરશે. રાજકોટમાં રામનાથ મહાદેવ દર્શન બાદ પેલેસ રોડ આશાપુરા માતાજી મંદિર દર્શન, વિશ્રવકર્મા મંદિરનાં દર્શન વિશ્રવકર્મા મદિરના દર્શન બાદ વાંકાનેર ઉર્ષમાં હાજરી આપી વેલનાથ બાપુ માંધાતા બાપુ મંદિર થઈ પરત રાત્રે રાજકોટમાં રણછોડદાય બાપુ આશ્રમ, ગેબનશા પીર, જંકશન પ્લોટ, ડો.આબેડકર પ્રતિમા (હોસ્પિટલ ચોક), બાલાજી મંદિર (રાજેશ્રવરી ટોકીઝ)ના દર્શન કર્યા બાદ રાત્રે ૧૦ કલાકે સ્વામી નારાયણ મંદિરમાં દર્શન કરી ૧૦:૪૫ કલાકે ચોટીલા પહોચશે.પરેશ ધાનાણી તા.૧૭ને બુધવારે સવારે પોપટપરા, રામમંદિર, જુલેલાલ મંદિર, રાણીમા રૂડીમાં મંદિર, કબા ગાંધીનો ડેલો, બહુમાળી ભવન સરદાર પ્રતિમાને પુષ્પાંજલી બાદ રેસકોર્ષ કાર્યાલયમાં પ્રેસ કોન્ફરન્સ યોજી પત્રકારોને મળશે. બપોરે બે કલાકે પડધરી ટંકારા, થોરાળા સાંજે સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે હવેલીના દર્શન રાત્રે મવડી દેવાયત બોહર બાદ નાગર બોર્ડિંગમાં કાર્યકર્તા સંમેલનમાં ઉપસ્થિત રહેશે કાલે ફોર્મ ભરશે.

# રાજકોટના ભગવતીપરામાં યુવાનનું હૃદય બેસી જતાં મોત

## સાકેત પાર્ક-૧માં પણ આધેડનું બેભાન થતાં મોત

રાજકોટ,

રાજકોટના ભગવતીપરા શિવાજી ચોકમાં રહેતો મુળ મહારાષ્ટ્રનો કમલેશ બાબુભાઈ પાટીલ (ઉ.વ.૨૪) સાંજે એકાએક ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના કેતનભાઈ નિકોલાએ બી-ડિવીઝનમાં જાણ કરી હતી. મૃત્યુ પામનાર બે બહેનનો એકનો એક ભાઈ હતો અને કુંવારો હતો. યુવાન દિકરાનું



હાર્ટએટેકથી મૃત્યુ થતાં સ્વજનોમાં ગમગીની વ્યાપી ગઇ હતી. બીજા બનાવમાં દોઢસો ફુટ રીંગ રોડ બીગ બાઝાર પાછળ સાકેત પાર્ક-૧માં વિજયભાઇ પોપટભાઇ હિરાણી (ઉ.વ.૪૯) ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. તેઓ બે ભાઇ અને બે બહેનમાં વચેટ હતાં અને જમીન મકાન લે-વેંચનું કામ કરતાં હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. બનાવથી પગલે પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી

# રાજકોટ કોર્ટ કેસના સજાના વોરંટમાં નાસતો ફરતો આરોપી પકડાયો

રાજકોટ,

નેગોશીએબલ ફોજદારી કેસમાં સજાના વોરંટમાં ઘણા સમયથી નાસતા ફરતા શખ્સઆને બી-ડીવીઝન પોલીસે પકડી લીધો હતો.શહેરના અલગ-અલગ વિસ્તાારમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે પોલીસ કમિશ્નેર શ્રી રાજુ ભાર્ગવે સૂચના આપતા બી-ડીવીઝન પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યીરે નેગોશીએબલ ફોજદારી કેસમાં સજાના વોરંટથી ઘણા સમયથી નાસતો ફરતો આશિષ જગદીશભાઇ મોરાણીયા (ઉ.વ. ૨૯) (રહે. બ્રહ્માણીયા પરા શેરી નં. ૬ સંત કબીર રોડ) સામાકાંઠા વિસ્તાારમાં હોવાની હેડ કોન્સા.



મોહસીન ખાન મલેકને બાતમી મળતા આશીષ મેરાણીયાને પકડી લઇ કોર્ટ હવાલે કર્યો હતો. આ કામગીરી પી.આઇ. એસ. એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. કે. ડી. મારૂ, હેડ કોન્સા. મોહસીનખાન મલેક દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટના કુબલિયાપરામાં બનેવીને સમજાવવા ગયેલા સાળા ઉપર છરી વડે હુમલો

રાજકોટ,

રાજકોટ શહેરમાં કુબલિયાપરા વિસ્તારમાં ભાણેજને માર મારતા બનેવીને સમજાવવા ગયેલા સાળા ઉપર બનેવી સહિતના શખ્સોએ છરી વડે હુમલો કર્યો હતો હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ કુબલિયાપરામા રહેતો કરણ વિનુભાઈ સોલંકી નામનો ૨૨ વર્ષનો યુવાન રાત્રીના સાડા બારેક વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે હતો ત્યારે તેના બનેવી વિજય સહિતના શખ્સોએ ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા કરણ સોલંકીને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં કરણ સોલંકી ભંગારની ફેરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે અને કરણ સોલંકીના બનેવી વિજય તેની પુત્રીને માર મારતા હતા ત્યારે ભાણેજને છોડાવવા જતા કરણ સોલંકી ઉપર બનેવી સહિતનાએ છરી વડે હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.



# રાજકોટમાં રીક્ષામાં ધકકા મુકી કરી મુસાફરોના મોબાઈલ સેરવી લેનારા બે પકડાયા

રાજકોટ,

રાજકોટ શહેરના અલગ-અલગ બે વિસ્તુારમાં રીક્ષામાં મુસાફરોને બેસાડી ધકકા-મુકકી કરી મોબાઇલ સેરવી લેતા બે શખ્સોધને બી ઠડીવીઝન પોલીસે બાતમીના આધારે પકડી લીધા હતા.

મળતી વિગત મુજબ શહેરના જુદા જુદા વિસ્તાીરમાં રીક્ષામાં મુસાફરોને બેસાડી મોબાઇલ ફોન સેરવી લેતા બે શખ્સોન સામાકાંઠા વિસ્તારમાં હોવાની બી-ડીવીઝન પોલીસના હેડ કોન્સ્સ?. રાજેશભાઇ બાળા, રાજદીપભાઇ પટગીર તથા ભાનુશંકરભાઇ ધાંધલાને બાતમી મળતા સ્ટાડફ સાથે સામાકાંઠા



વિસ્તાલરમાંથી રતનપર ગામના સંજય ઉર્ફે ભુરો શંકરલાલ રાજાણી અને સાત હનુમાન પાસે રહેતો રમેશ છગનભાઇ સરવૈયાને પકડી લઇ આઠ ચોરાઉ મોબાઇલ તથા રીક્ષા મળી રૂા. ૧.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બંને શખ્સો રીક્ષામાં મુસાફરોને બેસાડી ધકકા-મુકકી કરી નજર ચુકવી મોબાઇલ ફોન કાઢી લેતા હતા. આ કામગીરી બી-ડીવીઝન પોલીસ મથકના પી.આઇ. એસ. એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ. કે. ડી. મારૂ હેડ કોન્સક. ક્રિપાલસિંહ ઝાલા, રાજેશભાઇ બાળા, લાલજીભાઇ હાડગડા, કોન્સ. રાજદીપભાઇ પટગીર, જયદીપસિંહ બોરાણા, ભાનુશંકરભાઇ ધાંધલા, પંકજભાઇ માળી, વિશ્વઇજીતસિંહ ઝાલા, જગદીશભાઇ વાંક તથા પોપટભાઇ ગમારા દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટમાં એક સપ્તાહમાં સીઝનલ રોગચાળાના ૧૦૪૪ કેસ નોધાયા

## ચિકનગુનીયા-ડેન્યુના ૧-૧ દર્દીઃ ૪૭૧૮ ઘરોમાં પોરાનાશક કામગીરી

રાજકોટ,

રાજકોટ શહેરમાં છેલ્લા અઠવાડીયાથી દિવસોથી સીઝનલ રોગચાળો વકરતો જાય છે. ત્યાજરે એક સપ્તાહમાં ઝાડા, ઉલ્ટી, તાવના ૧૦૪૪ થી વધુ કેસ નોંધાયા છે.આ અંગે મ્યુ. કોર્પોરેશનની સત્તાવાર માહિતી મુજબ તા. ૮ થી ૧૪ એપ્રિલ સુધીમાં નોંધાયેલ રોગચાળાના કેસની વિગત જોતાં મચ્છજન્ર રોગચાળાના ૨ કેસ. છેલ્લા સપ્તાહમાં ચિકનગુનીયાનો ૧, ડેન્યુ નો ૧ અને મેલેરીયાના શૂન્ય કેસ નોંધાયા હતાં. જયારે સીઝનમાં મેલેરીયાના



૩, ડેન્યુરે ના ૧૦ તથા ચિકનગુનીયાના ૧૫ કેસ નોંધાયા છે. શરદી-તાવના ૧૦૪૪ થી વધુ કેસ શહેરમાં શરદી-ઉધરસના કેસ ૫૯૭ તેમજ સામાન્યય તાવના ૧૦૪૪ અને ઝાડા-ઉલ્ટીના કેસ ૧૬૦ સહિત કુલ ૧૦૪૪ દર્દીઓ નોંધાયા હતાં.

રોગચાળા દ્વારા ઉભા થતા જાહેર આરોગ્ય? પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તચરે ઘનીષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. પોરાનાશક કામગીરી હેઠળ ૪૭૧૮ ઘરોમાં પોરાનાશક કામગીરી કરેલ છે. તથા ૫૩૦ ઘરોમાં ફોગીંગ કામગીરી હેઠળ રહેણાક અન્યર ૪૬૦ સ્થીળોએ મચ્છવર ઉત્પનતિ સબબ તપાસ કરવામાં આવતા રહેણાંક સહિત મચ્છ૨ ઉત્પાતિ દેખાતા ૩૬૦ લોકોને નોટીસ પાઠવી હતી.